# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ




॥ કમલાસન પર બિરાજેલાં ગાયત્રી માતા ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૧૦ ]　　જુલાઈ ૧૯૯૧　　[ અંક ૩જો

Scanned by CamScanner

## મારા જીવનનાં નવ સૂત્રો

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨ નિ:સહાયને સહાય કરવી.

૩. દુ:ખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઇની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિ:સ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

એન. બી. દવે (શાસ્ત્રીજી)

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ – ૩૮૦ ૦૦૭

Scanned by CamScanner



# આધ્યાત્મિક કેડી

[ શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૧૫ ]

વર્ષ ૧૦ ] ★ જુલાઈ : ૧૯૯૧ ★ [ અંક ૩ જો

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | જ્ઞાન-યોગમાં વિશેષ સ્થિતિ | શાસ્ત્રીજી | ૩ |
| ૨. | પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... | ૧૦ |
| ૩. | વિષ્ણુકાકાનો બચાવ | ... | ૧૫ |
| ૪. | જીવનમાં તણાવ શા માટે? | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૧૮ |
| ૫. | રોમ રોમમાં દીવા | ... | ૨૨ |
| ૬. | સ્વપ્નમાં માતાજીનાં દર્શન | ... | ૨૪ |
| ૭. | સેમિનારમાં ચર્ચા કરવા જેવો કેસ | ... | ૨૬ |
| ૮. | ઑપરેશન થિયેટરમાં | ... | ૨૮ |
| ૯. | પૂજ્ય ગુરુજીનો અમેરિકાનો કાર્યયજ્ઞ | ... | ૨૯ |
| ૧૦. | સમાચાર | ... | ૩૦ |


★ આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે.

★ આપનું ૧૯૯૧ના વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

★ પાંચ વર્ષનું એકસામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.

★ વાર્ષિક લવાજમ રૂપિયા દસ ★

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, 'નિલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ * ફોન : ૩૯ ૨૫ ૧૨

Scanned by CamScanner

□

# જ્ઞાન-યોગમાં વિશેષ સ્થિતિ

શાસ્ત્રીજી

વિષાદ પામેલા અર્જુનને સ્વકર્તવ્યનું-સ્વધર્મનું સ્મરણ કરાવવા શ્રીકૃષ્ણ ભગવાન જ્ઞાન અને યોગમાં મનુષ્યની વિશેષ સ્થિતિને દૈવી ગુણ તરીકે ઓળખાવે છે.

અહીં જ્ઞાન અને યોગ દ્વારા શ્રીકૃષ્ણ ભગવાનને મૂળભૂત રીતે શું અભિપ્રેત હશે તે તો મને ખબર નથી પણ મારા પોતીકા આધ્યાત્મિક અભિગમ અને સ્વાનુભાવ દ્વારા તે સમજાવવાનો-સમજવાનો મારો આ નમ્ર પ્રયાસ છે. હકીકત કંઈક જુદી પણ હોઈ શકે છે. શાસ્ત્રોક્ત રીતે જ્ઞાન અને યોગનું અર્થઘટન મારી સમજણ કરતાં કંઈક જુદું પણ હોઈ શકે છે. કારણ શાસ્ત્રોનો મારો કોઈ ખાસ અભ્યાસ નથી.

મારી દૃષ્ટિએ જ્ઞાન એટલે જીવન, સંસાર, જગત અને આધ્યાત્મિકતા – ઈશ્વરનાં રહસ્યોને જે ખુલ્લાં કરી આપે તે.

જીવનનું રહસ્ય શું? મનુષ્યે પોતાનાં જ કર્મો ભોગવવા વારંવાર જન્મ ધારણ કરવો પડે છે. પોતાના પ્રારબ્ધવશાત્ જે જીવન મળે છે તેને નીતિ, પ્રામાણિકતા ને સાત્ત્વિકતાથી પસાર કરવું. એક વીરને સહજ એવી બહાદુરીથી, હિંમતથી જીવનના ઝંઝાવાતો સામે ઝઝૂમતા રહેવું. કાયર થઈ આત્મહત્યા ન કરવી. માનવતાને વિસારે ન પાડવી.

નદીના વહેતા પ્રવાહમાં તણાવું સહેલું છે, સરળ છે, પણ સામા પ્રવાહમાં તરીને નદી પાર કરવામાં જ ખરી તરણકળાનાં દર્શન થાય છે. તેમ સુખી જીવન પસાર કરવું સરળ છે, પણ નદીના સામા પ્રવાહની જેમ જીવનના ઝંઝાવાતો સામે ઝઝૂમીને જીવન પસાર કરવામાં જ મનુષ્યનું ખરું ખમીર ને ખુમારી દેખાય છે.

---

"ગુરુના આદેશનું-શબ્દોનું-મૂલ્ય જે શિષ્ય સમજે, ગુરુ સમક્ષ જે શિષ્ય શિસ્ત ને મર્યાદા જાળવે, ગુરુને અપ્રિય બની રહે તેવું કોઈ કાર્ય ન કરે ત્યારે જ તે શિષ્ય ગુરુને પ્રિય બને છે ને ગુરુ પ્રસન્ન થઈ જ્ઞાન, ભક્તિ, કર્મ ને યોગની ક્ષિતિજોનાં દર્શન કરાવી દે છે."



Scanned by CamScanner

સંસાર ક્ષણજીવી છે. સંસારસુખ ક્ષણિક છે. કેવળ ઇન્દ્રિયોના સુખ પાછળ ન ફરતાં, કેવળ સંસાર-સંબંધોની માયાજાળમાં ન ફસાતાં પરમાર્થ, સત્સંગ ને ઇશ્વરીસ્મરણ પણ કરવું જરૂરી છે. કેવળ સંસારની માયામાં રચ્યાપચ્યા ન રહેતાં જેણે માયાનું સર્જન કર્યું છે એ માયાપતિને જાણવાનો ઓળખવાનો પણ મનુષ્યનો પ્રયત્ન હોવો જરૂરી હોવાનું હું માનું છું.

મેં આપેલાં નવ સિદ્ધાંતોમાં જીવન, સંસાર, જગત, આધ્યાત્મિકતા, ઈશ્વર અને ઉપાસનાનાં તમામ રહસ્યો છુપાયેલાં છે. એનું આચરણ જ મનુષ્યને જ્ઞાનથી સંપન્ન-સભર બનાવી શકે છે, પણ એ ઘણું દુષ્કર છે.

મનુષ્યની આજુબાજુ જડ-ચેતન અનેક પદાર્થ-પાત્ર પડેલાં છે, જેમાંથી તે કંઈ ને કંઈ જ્ઞાન મેળવી જ શકે છે. આકાશ ને સમુદ્રની વિશાળતા મનુષ્યને વિશાળ બનવા નથી સૂચવતા? નદીનો વહેતો પ્રવાહ તમને નિર્મળ બનવા નથી કહેતો? ચન્દ્ર શીતળતા, સૂર્ય તેજસ્વિતા, અને વૃક્ષો પરોપકારનો મહિમા નથી દર્શાવતાં?

જ્ઞાન તો અનન્ત છે. એનો છેડો નથી. કૃષ્ણ ભગવાને કહ્યું છે તેમ જ્ઞાન જેવું પવિત્ર બીજું કંઈ નથી. એટલે મન, આત્મા અને સમસ્ત અસ્તિત્વને પવિત્ર કરે તે જ સાચું જ્ઞાન. સ્વ અને સમષ્ટિનું શ્રેય સાધી શકે તે જ સાચું જ્ઞાન. વ્યક્તિનું જ્ઞાન વ્યક્તિ, સમાજ, દેશના ઉત્થાન માટે જ ચરિતાર્થ થતું રહેવું જોઈએ. લોકોપયોગી બની શકે તે જ સાચું જ્ઞાન. સમષ્ટિના શ્રેયાર્થે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરનાર પર પ્રભુનો અનુગ્રહ – કૃપા ઊતરે છે.

આવા જ્ઞાનના સંપાદન માટે તો વ્યક્તિએ સ્વયં નિર્મળ ને પવિત્ર બનવું જરૂરી છે. તે માટે અભ્યાસ, સત્સંગ, સાત્ત્વિક વાચન મહત્ત્વનાં છે, જેથી વૈચારિક પુષ્ટિ મળે, જીવન સન્માર્ગ તરફ વળે, જીવનનો ઝોક આપોઆપ જ સાત્ત્વિકતા તરફ ઢળે છે. સાત્ત્વિકતા તરફ જીવનનો ઝોક થયા પછી જ્ઞાન આંતરસ્ફુરણાથી સ્વયં જ પ્રાપ્ત થાય છે. પણ એ માટે નિરંતર દૈનિક ઉપાસના પણ જરૂરી છે.

અભ્યાસ, વાચન, સત્સંગ, ઉપાસના ને પૂર્વનાં સંચિત પુણ્યના બળે વ્યક્તિની ચેતના નિર્મળ-સ્વચ્છ બનતાં પરમતત્ત્વ સાથે અનુસન્ધાન સાધી બેસે છે. પરમતત્ત્વ સાથેના અનુસન્ધાન દ્વારા જ વ્યક્તિને દૈવી-ઇશ્વરીય જ્ઞાન પ્રાપ્ત થાય છે, જેનાથી જીવન, સંસાર, આધ્યાત્મિકતા ને ઉપાસનાનાં, ઇશ્વરનાં અગમ્ય રહસ્યોનો તાગ મળે છે. એમાં ઇશ્વરીય પ્રેરણા ને પ્રત્યક્ષ અનુસન્ધાન જ કારણભૂત બને છે.

આપણા પ્રાચીન ઋષિમુનિઓએ રચેલાં શાસ્ત્રો-વેદોનું રહસ્ય શું?

એ જ —

સંસારત્યાગ-ગૃહત્યાગ કરી જંગલમાં જઈ એ અગોચર, અલૌકિક, દિવ્ય પરમતત્ત્વની આરાધનામાં-તપશ્ચર્યામાં તેઓ બેસી રહ્યા, બેસી જ રહ્યા. સમયાન્તરે પરમતત્ત્વે પ્રત્યક્ષ આવી ઉપદેશ આપ્યો. જ્ઞાન આપ્યું, જે શાસ્ત્રોમાં-વેદોમાં સંનિહિત-સંગ્રહ થયેલું છે.

---

**" મન, આત્મા અને સમસ્ત અસ્તિત્વને પવિત્ર કરે તે જ સાચું જ્ઞાન."**

× × ×

**" જ્ઞાન જીવનની વાસ્તવિકતાનો સ્વીકાર કરતાં શીખવે છે."**



Scanned by CamScanner

મનુષ્યને તેના ગુરુ પાસેથી પણ જ્ઞાન મળે છે. પણ ગુરુ પાસેથી જ્ઞાન મેળવવા માટે પણ પાત્રતા કેળવવી પડે છે. વ્યક્તિ પોતાની પાત્રતા-ક્ષમતા પ્રમાણે ગુરુ પાસેથી જ્ઞાન મેળવી શકે છે.

શાળા-કૉલેજમાં ભણવાના ઉદ્દેશથી બહુ ઓછા વિદ્યાર્થીઓ જતા હોય છે અથવા ઘણાં વિદ્યાર્થીઓ કેવળ અર્થોપાર્જનના આશયથી - સારી નોકરી મેળવવાના આશયથી-જ ભણતા હોય છે. કેવળ પ્રમાણપત્રોનું ફરફરિયું મેળવવા, સમાજમાં ડીગ્રીધારી તરીકેનું માન મેળવવા. પરન્તુ તેમની ભીતરમાં ભણતર ઘણીવાર સમરસ થયેલું હોતું નથી.

તે જ રીતે ગુરુ પાસે આવતા મોટા ભાગનાં શિષ્યોને તો જીવનમાં સુખ-શાંતિની જ ખેવના હોય છે. જ્ઞાન, ભક્તિ, ઉપાસના ને પરમતત્ત્વની પ્રાપ્તિની ખેવના તો કોઈક વિરલ શિષ્યને જ હોય છે. એટલું જ નહિ; ગુરુ માટે સાચો પ્રેમ ને ભક્તિ પણ કોઈક વિરલ શિષ્યને જ હોય છે. ગુરુના શબ્દોનું-આદેશોનું-અભિગમનું મહત્ત્વ ને મૂલ્ય બહુ ઓછા શિષ્યો સમજી શકે છે. પરિણામે ગુરુ પાસેથી જે જ્ઞાન ગ્રહણ કરવાનું છે તેનો લાભ બહુ ઓછાને મળે છે. અલબત્ત ગુરુને તો તમામ શિષ્યો માટે પ્રેમ હોય જ છે. તેના આશીર્વાદ પણ સર્વેને મળે જ છે. પણ દરેક શિષ્ય પોતાની સમજદારી મુજબ ગુરુ પાસેથી જ્ઞાન મેળવી શકે છે. જેમ વર્ગમાં શિક્ષક એક જ મુદ્દો આખા વર્ગના ૫૦ વિદ્યાર્થીઓને શીખવે છે પણ અમુક વિદ્યાર્થીઓ જ વધારેમાં વધારે માર્કસ મેળવે છે, પ્રથમ નંબરે કોઈ એક જ વિદ્યાર્થી આવે છે, ૧ થી ૫ માં કે ૫ થી ૧૦ માં અમુક જ વિદ્યાર્થીઓ નંબર મેળવે છે, જ્યારે બીજા મધ્યમ વર્ગના અને અન્ય વિદ્યાર્થીઓ માંડ માંડ પાસ થનારા હોય છે. તેવી જ સ્થિતિ આધ્યાત્મિક જગતના ગુરુ પાસે શિષ્યની થતી હોય છે. ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તો શિષ્યને અંદરથી જ જિજ્ઞાસા ઉદ્‌ભવવી જોઈએ. માત્ર જિજ્ઞાસા પણ પૂરતી નથી. કારણ ગુરુ એમ કાંઈ સઘળું રહસ્ય શિષ્યને સમજાવી આપી પણ દેતા નથી એમાં શિષ્યની ક્ષમતા-પાત્રતા પણ કારણભૂત બને છે. તેમ છતાં ગુરુના આદેશનું-શબ્દોનું મૂલ્ય જે શિષ્ય સમજે, ગુરુ સમક્ષ જે શિષ્ય શિસ્ત ને મર્યાદા જાળવે, ગુરુને અપ્રિય બની રહે એવું કોઈ કાર્ય ન કરે ત્યારે જ તે શિષ્ય ગુરુને પ્રિય બને છે ને ગુરુ પ્રસન્ન થઈ જ્ઞાન, ભક્તિ, કર્મ ને યોગની ક્ષિતિજોનાં દર્શન કરાવી દે છે.

સિંહણના દૂધને ઝીલવા સુવર્ણપાત્ર જ જોઈએ.

જીવન અને સંસારના વ્યવહારો હોય કે ઈષ્ટની ઉપાસના હોય, મનુષ્યનું દિલ, ભાવના, વૃત્તિ સાફ, સાત્ત્વિક ને નિર્મળ હોવાં જરૂરી છે. કપટ રાખનાર, સંકુચિત વૃત્તિ સેવનાર કે પોતાનો જ સ્વાર્થ સાધનાર મનુષ્યનું વલણ ઉચિત નથી. તે પોતાનું કરીને-પોતાનો સ્વાર્થ સાધીને બેસી રહેતો હોવાથી સફળ તો કદાચ થાય છે, પણ શાશ્વત શાંતિ, સુખ ને આનન્દનો, અખિલાઈનો અનુભવ કરી શકતો નથી. જેમ કૂવામાંનો દેડકો કૂવાની અંદરના વિશ્વથી જ પરિચિત રહે છે, તેને બહારના વિશ્વની વિશાળતાનો ખ્યાલ આવતો નથી તેમ કપટી, સ્વાર્થી, સંકુચિત વૃત્તિવાળો મનુષ્ય વિશાળતાનો અનુભવ કરી શકતો નથી. પરમાત્માનો અનુગ્રહ મેળવવા, તેની અલૌકિક અગોચર સૃષ્ટિનો પરિચય પામવા દૃષ્ટિ વિશાળ ને સાફ હોવાં જરૂરી છે તો જ તેને જ્ઞાનની ક્ષિતિજનાં દર્શન થાય છે.

---

**"જ્ઞાનપ્રાપ્તિની પળોજણમાં પડવા કરતાં શ્રદ્ધા ને શરણાગતિથી ઉપાસના કર્યા કરીએ તે જ ઉચિત છે."**



Scanned by CamScanner

એક વાર દેવો, દાનવો અને મનુષ્યો બ્રહ્મા પાસે ગયા અને ઉપદેશ આપવા વિનંતી કરી. બ્રહ્માએ ત્રણેને ઉપદેશમાં ફક્ત એક જ અક્ષર ઉચ્ચાર્યો : 'દ'.

ત્યાર બાદ બ્રહ્માએ ત્રણેને 'દ' દ્વારા શું સમજ્યા તે અંગે પૃચ્છા કરી.

બ્રહ્માને પ્રત્યુત્તર આપતાં દેવોએ સૌ પ્રથમ જણાવ્યું કે 'દ' એટલે દમન કરો. અમે ખૂબ એશ-આરામી અને લહેરી થઈ ગયા છીએ તેથી આપ અમને દમન કરવાનું, મન તથા ઇન્દ્રિયો પર કાબૂ રાખવાનું કહો છો.

દાનવોએ જણાવ્યું : 'દ' એટલે દયા કરો. અમે બહુ ક્રૂર અને હિંસા પ્રકૃતિના છીએ એટલે આપ અમને દયા કરવાનું કહો છો.

મનુષ્યોએ 'દ'ની સમજણ આપતાં બ્રહ્માને જણાવ્યું : 'દ' એટલે દાન કરો. આપ અમને દાન કરવાનું કહો છો.

આ સાંભળી બ્રહ્મા ખુશ થયા.

આમ દરેકે પોતાની ક્ષમતા પ્રમાણે, પોતાના કાર્યક્ષેત્ર પ્રમાણે બ્રહ્માના ત્રણેને એક જ સરખા ઉપદેશનું જુદું જુદું અર્થઘટન કર્યું.

એક જ ઉપદેશ જુદા જુદા શિષ્યોને જુદી જુદી રીતે તેમના સ્વભાવ અને કાર્યક્ષેત્ર પ્રમાણે સમજાય છે.

માણસનું અન્તઃકરણ એ અરીસા જેવું છે. અન્તરનો અરીસો માણસને એનું યથાતથ – એ જેવો છે તેવો–પ્રતિબિંબ દેખાડી દે છે. અન્તરના અરીસામાં પડેલા પ્રતિબિંબમાં માણસ પોતાની ખામીઓ – ઊણપોનાં દર્શન પણ કરી શકે છે પણ માણસ તેની મોટે ભાગે અવગણના કરે છે. આત્મવંચના કરે છે. પણ કોઈક સદ્‌ભાગી પળે અંતરનો અવાજ બુલંદ બની તેને જાગૃત કરે છે, સજાગ કરે છે અને આત્મસુધારણાના–આત્મવિકાસના કાર્યમાં તે સ્વયં જોડાઈ જાય છે.

શિષ્યને ગુરુમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો જ તે જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાનની બે પ્રક્રિયાઓ એકી સાથે ચાલે છે – બહારથી આવવાની અને અંદરથી ઊગવાની ! આ બન્ને પ્રક્રિયાઓનો સુમેળ થતાં જ્ઞાન આત્મસાત્ થાય છે.

સમર્થ ગુરુ ઉપદેશ આપે છે પણ એ ઉપદેશની સાથે શિષ્યના દોષનું પણ સ્વયં નિદર્શન કરી તેના નિવારણ માટે પ્રયાસ કરવાની ક્યારેક સીધી યા આડકતરી રીતે ટકોર કરે છે. શિષ્ય જો એ ટકોર સમજે તો પોતાનો ઉદ્ધાર કરી શકે છે.

અહીં બ્રહ્માએ ખૂબ સીમિત અને સંયમિત રહીને દેવો, દાનવો અને માનવોને ઉપદેશ આપ્યો પણ પોતાની આંતરક્ષમતાને કારણે દેવો, દાનવો અને માનવોને પોતાની ત્રુટિઓ સમજાઈ અને તે દૂર કરવા તેઓ તત્પર બન્યા.

બ્રહ્માનો આ ઉપદેશ સનાતન બની ચૂક્યો છે.

સામ્પ્રતકાળનો મનુષ્ય પણ પોતાની ઇચ્છાઓ–વાસનાઓ માત્રનું નિયંત્રણ કરે તે જરૂરી છે. પોતાની પાસે જે કંઈક છે તેનો અંશ માત્ર પણ બીજાને દાનમાં આપે તે ઉચિત છે. પ્રાણીમાત્ર પરમાત્માનું જ સર્જન છે. તેના પ્રત્યે દયાભાવ રાખવો એ મનુષ્યનું કર્તવ્ય છે. મનુષ્યમાં રહેલો આ દયાભાવ પણ પ્રભુપ્રીતિનું કારણ બને છે. મનુષ્યના આત્મિક વિકાસનું કારણ બને છે તેમાં સંશય નથી.



Scanned by CamScanner

બ્રહ્માની જેમ હું પણ તમને એક જ અક્ષર આપું છું, જે છે 'શ'.

'શ' એટલે શરણાગતિ.

ભૌતિક સુખની કે પરમતત્ત્વની કૃપાની કે પરમાત્માની પ્રાપ્તિની ખેવના રાખતા સૌ માટે પોતાના ઇષ્ટની શરણાગતિ સ્વીકારવી અનિવાર્યપણે આવશ્યક બની જાય છે. પ્રભુની શરણાગતિ એ જ્ઞાનપ્રાપ્તિની પણ આવશ્યક શરત છે

. શરણાગતિનો સ્વીકાર એટલે અહમનો ત્યાગ. અહમનો ત્યાગ પણ જ્ઞાનપ્રાપ્તિને સરળ બનાવે છે.

શરણાગતિ એટલે વિનમ્રતા. ગુરુ પાસે, ઇશ્વર પાસે, કુટુંબ કે સમાજમાં સૌ પાસે – સૌ સાથે વિનમ્ર થઈને રહેવામાં જ વ્યક્તિની મહત્તા–મહાનતા સાબિત થાય છે. મનુષ્યના–ભક્તના વ્યક્તિત્વની તે શોભા બની રહે છે. વ્યક્તિ અહમનો ત્યાગ કરે તો જ આવી વિનમ્રતા તે મેળવી–કેળવી શકે છે.

મૃત્યુશય્યા પર પડેલા રાવણને જોઈ રામે લક્ષ્મણને કહ્યું : તારે રાજનીતિના પાઠ શીખવા હોય તો તું રાવણ પાસે જા. લક્ષ્મણ મૃત્યુશય્યા પર પડેલા રાવણ પાસે ગયો. રાવણે લક્ષ્મણને તેના આગમનનું કારણ પૂછ્યું. લક્ષ્મણે રાવણને બે હાથ જોડી રાજનીતિના પાઠ શીખવવા કહ્યું. રાવણે લક્ષ્મણને તેના પગ પાસે બેસવા જણાવ્યું. રાવણના પગ પાસે બેઠેલા લક્ષ્મણને રાજનીતિ સમજાવતાં કહ્યું કે,

'હું ધારું તે કરવા સમર્થ હતો. સમગ્ર સૃષ્ટિ પર મારું નિયંત્રણ હતું. દેવો–દાનવો મને વશ હતા. મારે પ્રથમ તો સોનામાં સુગંધ ભરવી હતી, બીજું સ્વર્ગની નિસરણી મૂકવી હતી અને ત્રીજું, ખારા સમુદ્રના જળને મારે મીઠું બનાવવું હતું. પણ આજે કરીશ, કાલે કરીશ કરતાં તે રહી ગયું અને મારો અન્તકાળ નજીક આવી પહોંચ્યો.

માટે રાજ કરનારે તો કાલનું કામ આજે અને આજનું કામ અત્યારે જ કરવું જોઈએ.'

મનુષ્ય પોતાના જીવનમાં અને ઉપાસનામાં પણ આવી તાકીદની આવશ્યકતા સમજે એ જરૂરી છે.

ભગવાન શ્રીકૃષ્ણ પાસે એક વાર અર્જુન અને દુર્યોધન ગયા. પહેલાં અર્જુન શ્રીકૃષ્ણ પાસે પહોંચ્યો ત્યારે તેઓ સૂતા હતા. તેમની ઊંઘમાં ખલેલ ન પહોંચે તેમ અર્જુન ચૂપચાપ તેમના ચરણ પાસે ઊભો રહ્યો. એટલામાં દુર્યોધન આવી પહોંચ્યો. ભગવાન હજુ પણ ઊંઘતા જ હતા. દુર્યોધન શ્રીકૃષ્ણના માથા પાસે ઊભો રહ્યો અને ભગવાન જાગે તેની બન્ને જણા પ્રતીક્ષા કરવા લાગ્યા. એટલામાં જ ભગવાન જાગ્યા.

ભગવાનની આંખો ઊઘડતાં જ તેમની પ્રથમ નજર અર્જુન પર પડી. આથી તેમણે અર્જુનને તેના આગમનનું કારણ પૂછ્યું. અને શું જોઈએ છે તેની પૃચ્છા કરી. ત્યાં દુર્યોધને શ્રીકૃષ્ણને વચ્ચે અટકાવી પોતાને પ્રથમ માગણી કરવા દેવા કહ્યું.

શ્રીકૃષ્ણે દુર્યોધનને કહ્યું કે, મેં પ્રથમ અર્જુનને મારા ચરણ પાસે બેઠેલો જોયો છે તેથી હું તેને જ પહેલી તક આપીશ. અને ભગવાને અર્જુનને માગવા માટે આજ્ઞા કરી.

ભગવાનની આજ્ઞા માથે ચડાવી અર્જુને સ્વયં ભગવાનને પોતાના પક્ષે માગી લીધા !

ત્યાર બાદ દુર્યોધનને આજ્ઞા કરતાં દુર્યોધને અક્ષૌહિણી સેનાની માગણી કરી.

પરન્તુ આપણે જોઈ શકયાં કે ભગવાનને પોતાના પક્ષે રાખીને અર્જુન યુદ્ધમાં વિજયી થયો.

---

**'સાચું જ્ઞાન મનુષ્યના આચરણમાં સમાયેલું છે."**



Scanned by CamScanner

આમ ભગવાનની શરણાગતિમાં મનુષ્યનું તમામ શ્રેય સમાયેલું છે એટલું જ જ્ઞાન મનુષ્ય માટે પૂરતું છે.

જ્ઞાન કેવળ શાસ્ત્રોની પોથીઓમાં જ સમાયેલું નથી. સાચું જ્ઞાન કેવળ પુસ્તકપરસ્ત ન રહેતાં મનુષ્યને વ્યવહારુ બનતાં પણ શીખવે છે. જીવનની વાસ્તવિકતાનો સ્વીકાર કરતાં પણ શીખવે છે. જીવનની નક્કર વાસ્તવિકતાનો સ્વીકાર કરીને વ્યવહારુ અભિગમ કેળવવામાં જ વ્યક્તિનું શાણપણ છે, મહાનતા છે.

સાચું જ્ઞાન મનુષ્યના આચરણમાં પણ સમાયેલું હોય છે. વ્યક્તિ જ્ઞાન પ્રાપ્ત તો કરે, પણ તે જો તેનું આચરણ જ ન કરે તો ?

અર્જુન સામે જે પરિસ્થિતિ ઉપસ્થિત થઈ તેથી તેને વિષાદ થયો. ભગવાન પાંડવોના પક્ષે હતા. તેમણે અર્જુનના વિષાદને દૂર કરવા, ઉપસ્થિત થયેલ પરિસ્થિતિના સાચા હાર્દને સમજાવવા, પરિસ્થિતિનો ઉકેલ લાવવા, પરિસ્થિતિ સામે ઝઝૂમવા ભગવદ્‌ગીતાના અઢાર અધ્યાયમાં ઉપદેશ આપ્યો. એમાં કેટલું બધું જ્ઞાન સમાયેલું છે! કૃષ્ણે સામ, દામ, દંડ, ભેદની નીતિ પણ અપનાવી છે. ક્યાંક તેમણે ચાલબાજી પણ કરી છે. પાંડવો સમક્ષ ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ માટે શ્રીકૃષ્ણે ઘણું ઘણું કર્યું છે, પણ તેમાં હિતની ભાવના હતી. અનિષ્ટનો–અસત્યનો, અભદ્રતાનો પરિહાર કરવાની ભાવના હતી.

શરૂઆતમાં અર્જુન કહે છે કે હે ભગવાન! હું કિંકર્તવ્યમૂઢ બની ગયો છું. મારે શું કરવું તે સમજાતું નથી. મારે માટે કલ્યાણકારી હોય તે કહો. હું આપનો શિષ્ય છું. આપને શરણે આવેલા મને ઉપદેશ આપો.

ભગવાન કિંકર્તવ્યમૂઢ બનેલા અર્જુનને જ્ઞાન આપે છે, ઉપદેશ આપે છે. અઢાર અધ્યાયને અન્તે અર્જુન શ્રીકૃષ્ણને કહે છે :

> नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाऽच्युत ।
> स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥ (અ. ૧૮, શ્લો. ૭૩)

હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થયો, સ્મૃતિ પ્રાપ્ત થઈ, સંશયમુક્ત થઈ હું ઊભો છું, આપનું કહેવું કરીશ.

આમ ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી પોતાને પ્રાપ્ત થયેલ જ્ઞાનનું આચરણ કરવા અર્જુન તત્પર થયો.

આમ આચરણ વિનાનું જ્ઞાન નકામું છે. કટોકટીના સમયે મનુષ્યને તેનું જ્ઞાન કામ ન આવે તો તેનો અર્થ શો છે? જ્ઞાન કેવળ પ્રાપ્ત કરવા પૂરતું જ ન રહેવું જોઈએ, સમય આવ્યે તેનો સમજણપૂર્વક વિનિયોગ પણ થવો જોઈએ.

'પરોપદેશે પાંડિત્યમ્' હોવું જોઈએ.

ઘણાં લોકો પાસે ઘણું જ્ઞાન હોય છે. પણ જ્યારે એનું આચરણ કરવાનું આવે છે ત્યારે તેઓ પોતાનું જ જ્ઞાન પડતું મૂકતા હોય છે.

મારી દૃષ્ટિએ તો જ્ઞાનપ્રાપ્તિ કદાચ સરળ છે પણ તેનું આચરણ જ સૌથી વધુ દુષ્કર છે.

જ્ઞાનપ્રાપ્તિની સાથે રચનાત્મક અભિગમ પણ કેળવવો જરૂરી છે. જ્ઞાન સર્જન કરે, સંહાર નહિ. જ્ઞાનનો ઉપયોગ બીજાના શ્રેયાર્થે થવો જોઈએ. જ્ઞાન ખંડન માટે ન હોઈ શકે.

જ્ઞાની માણસો વાદવિવાદમાં ઊતરતા નથી. જ્યાં વ્યર્થ વાદવિવાદનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યાં જ્ઞાનીઓ મૌન સેવે છે. સાચો જ્ઞાની અહમ્ પોષતો નથી. તે ષડ્‌રિપુઓથી પણ સજાગ રહે છે.



Scanned by CamScanner

વ્યક્તિની સાચી જ્ઞાનપ્રાપ્તિ તો તેના સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વમાં એકાકાર થઈ જાય છે. એટલું જ નહિ, તેના સમગ્ર વ્યક્તિત્વમાં ને અસ્તિત્વમાંથી જ્ઞાનપ્રાપ્તિની સભરતા–આભા–રેખા રેલાતી રહે છે. સાચો જ્ઞાની પ્રશાંત–ધીર–ગંભીર, મિતભાષી, તેજસ્વી, દિવ્ય, આકર્ષક ને અલૌકિક લાગ્યા કરે છે. અમસ્તું પણ તેની પાસે જઈ બેસવું ગમે છે. તેની બધી સાહજિક ક્રિયાઓ, વર્તન, વલણ, વાણીમાંથી જ્ઞાન સ્વયં નીતરતું રહેતું હોય છે. વ્યક્તિએ આત્મસાત્ કરેલા જ્ઞાનની અસર આસપાસના સમગ્ર વાતાવરણમાં થાય છે.

જ્ઞાન મનુષ્યને સરળ, વિનમ્ર, વિવેકી ને હળવો બનાવે છે.

આવી વ્યક્તિ માટે પરમાત્માને પ્રેમ જાગે છે. આવી વ્યક્તિ દ્વારા પરમાત્મા લોકસેવાનું કાર્ય કરાવવા પ્રેરાય છે.

મારા આધ્યાત્મિક અભિગમ અને સ્વાનુભવ દ્વારા સમગ્ર જ્ઞાનનો સાર મન, વચન ને કર્મથી પવિત્ર રહી શ્રદ્ધા અને શરણાગતિથી નિષ્કામ ભાવે, શિશુભાવ કેળવી, જીવન ને સંસારની જવાબદારીઓ અદા કરી, સતત ઈષ્ટની ઉપાસના કરવી. એ તરફ આપણા સૌની વિશેષ મનઃસ્થિતિ રહેવી જોઈએ. જ્ઞાનપ્રાપ્તિ પછી મનુષ્યને કંઈ નિવૃત્તિ–મુક્તિ મળી નથી જતી. ઈષ્ટની દૈનિક ઉપાસના તો ચાલુ જ રાખવાની છે. એમાં વધારો પણ કરતા રહેવાનું છે. એ મનુષ્ય–ઉપાસક માટે અનિવાર્યપણે આવશ્યક છે. આથી જ્ઞાનપ્રાપ્તિની પળોજળમાં પડવા કરતાં શ્રદ્ધા ને શરણાગતિથી ઉપાસના કર્યા કરીએ તે જ ઉચિત છે. મારો આ અભિગમ છે. આ મારું દર્શન છે.

ઈષ્ટના સતત સ્મરણમાં રહેવાથી પરમાત્માનો વિશેષ અનુગ્રહ અવશ્ય પ્રાપ્ત કરી શકાય છે. જે સદા પરમાત્માના ચિંતનમાં રહે છે તેનું ધ્યાન પરમાત્મા રાખે જ છે, પરમાત્મા પણ તેનું ચિંતન કરે છે. તેની પ્રતીક્ષા કરે છે. તેના શ્રેયની ચિંતા પણ પરમાત્માને રહે છે.


કૃષ્ણ અર્જુનને કહે છે કે તું જ્ઞાની છે, પણ વિષાદને કારણે એ જ્ઞાન ઢંકાઈ ગયું છે. તે દૂર કરી તું જ્ઞાન અને યોગમાં સ્થિર બન. સામાન્ય મનુષ્ય સાંસારિક વિષયોમાં, ઇન્દ્રિયોના સુખમાં રચ્યોપચ્યો રહે છે. સંસાર પ્રત્યેની આસક્તિ મનુષ્યથી છૂટતી નથી. સંસાર પ્રત્યેની આસક્તિને જ તે સુખ માને છે. વાસ્તવમાં તો એમાંથી સુખને બદલે મોટે ભાગે દુઃખ અને વિષાદ જ જન્મે છે. આ દુઃખ કે વિષાદથી મનુષ્ય જ્ઞાન ને યોગ તો શું તે પોતાના કર્તવ્યથી પણ વિમુખ બને છે. સ્વકર્તવ્યની સ્મૃતિ માટે, સ્વકર્તવ્યના પાલન માટે ભગવાન જ્ઞાન ને યોગને દેવી ગુણ ગણાવીને તે તરફ તેને વાળે છે.

□

Scanned by CamScanner

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....

માતાજીએ સાક્ષાત્કાર કરાવ્યા પછી, તેમના આદેશથી શાસ્ત્રીજીએ લોકસેવાનું કાર્ય શરૂ કર્યા પછી, શાસ્ત્રીજીનું ઘર એક મંદિર બની ગયું છે. શાસ્ત્રીજી પોતે અસંખ્ય આબાલ-વૃદ્ધોના સ્વજન, માર્ગદર્શક, પ્રિયજન અને ગુરુ બની ચૂકયા છે. આથી મનુષ્ય જેમ પોતાનાં સગાંસ્નેહીને, મિત્રને થોડા થોડા દિવસે મળવા જાય તેમ અસંખ્ય લોકો શાસ્ત્રીજીનું સહજભાવે જ સાન્નિધ્ય મેળવવા, તેમને મળવા, માર્ગદર્શન મેળવવા આવતાં જ રહે છે. કેટલાક તો નિયમિત દેવદર્શનની જેમ નિયમિત શાસ્ત્રીજીની મુલાકાત લેવાનો, તેમને મળવા જવાનો, માતાજીનાં દર્શન કરવા જવાનો, તેમની કૂટિરમાં જવાનો નિયમ બનાવ્યો છે. અલબત્ત શાસ્ત્રીજીએ પોતે કોઈ મંદિરની સ્થાપના નથી કરી. તેમણે પોતાના ઘરમાં પોતીકી ઉપાસના માટે, ઘરનાં સભ્યોની ઉપાસના માટે માતાજીના અલગ સ્થાનની વ્યવસ્થા કરી છે. એક અલગ ઓરડામાં માતાજીના આખા પંચમુખી સ્વરૂપની મોટા કદની છબી મૂકેલી છે, જે સ્વરૂપ ખૂબ જ આકર્ષક, આબેહુબ, દિવ્ય, અલૌકિક ને સાક્ષાત્ લાગે છે. માતાજીના આ સ્થાનનાં લોકો દર્શન કરી શકે છે. પોતાને મળવા આવતાં અસંખ્ય લોકો માટે બંગલાના કમ્પાઉન્ડમાં એક વિશાળ કૂટિર બનાવી છે.





Scanned by CamScanner

મન્દિરમાં પ્રવેશતાં પહેલાં મંદિરના ઉંબરની આજ્ઞા લઈને પછી જ પ્રવેશવાની એક પ્રચલિત પ્રણાલીની જેમ શાસ્ત્રીજીની કૂટિરમાં ઘણા શ્રદ્ધાળુઓ કૂટિરના ઉપલા પગથિયાની આજ્ઞા લઈ પછી જ કૂટિરમાં પ્રવેશે છે. તે દિવસે સાંજે પણ એક યુવાને એ જ રીતે કૂટિરના ઉપલા પગથિયાની આજ્ઞા લઈ કૂટિરમાં પ્રવેશ કર્યો. માતાજીની છબીનાં દર્શન કરી એ યુવાન શાસ્ત્રીજીના હિંચકા નજીક આવ્યો. તે દિવસે આમ તો ગુરુદેવ ક્યારના કૂટિરમાં પધારી ગયા હતા પણ કંઈક કારણસર પાછા ઘરમાં ગયા હતા તેથી તેમનો હિંચકો ખાલી હતો. એ ખાલી હિંચકાને જોઈ હિંચકાની બાજુમાં જ ઊભેલાં કૈલાસબહેનને યુવાને સવાલ કર્યો.

'ગુરુદેવ નથી?'

'ના, છે ને. હમણાં આવે છે, બેસ.' બહેને કહ્યું.

એ યુવાનના ચહેરા પરની ખુશી સમાતી નહોતી.

પોતાની બેઠક લઈ રહેલા એ યુવાનને બહેને પૂછયું.

'તારું શું થયું?'

'મારો પ્રૉબ્લેમ તો પતી ગયો. મારો ઑર્ડર આવી ગયો.' પેલા યુવાને એકદમ ઉત્કટતાથી બહેનને જવાબ વાળ્યો.

'તમને ગુરુદેવે વાત ન કરી?' યુવાને બહેનને સામો સવાલ કર્યો.

'ના, મને કંઈ ખબર નથી.' બહેને સ્પષ્ટતા કરી.

ત્યાં જ એક કાર્યકર્તાબહેને કૈલાસબહેનને કહ્યું, 'હા, બહેન, પેંડા લઈને ગુરુદેવના આશીર્વાદ લેવા આવ્યો હતો.'

એટલામાં જ ગુરુદેવ કૂટિરમાં પ્રવેશ્યા.

ગુરુદેવનાં ચરણોમાં ઉમળકાથી પ્રણામ કરી તે યુવકે પોતાની બેઠક લીધી. તેના ચહેરા પર અદમ્ય આનન્દ છલકાતો હતો.

ગુરુદેવ કૂટિરમાં બિરાજ્યા એટલે પેલા યુવાનની વાતનો તંતુ સાધતાં બહેને ગુરુદેવને કહ્યું, આનો પ્રૉબ્લેમ તો પતી ગયો.

'હા, પેંડા લઈને આવ્યો હતો.' ગુરુદેવે કહ્યું. ગુરુદેવના ચહેરા પર પણ ખુશી છલકાતી હતી.

કૂટિરમાં બેઠેલાં અન્ય મુલાકાતીઓ તે યુવાન સામે જિજ્ઞાસાભરી દૃષ્ટિએ જોઈ રહ્યા હતા. ત્યાં જ એક મુલાકાતી બહેને ગુરુદેવ, કૈલાસબહેન અને પેલા યુવાન સમક્ષ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો : શું વાત હતી?

---

**"માતાજી પર વિશ્વાસ રાખો. માતાજીએ આટલું કર્યું છે તો આગળ પણ સારું કામ કરી આપશે."**

× × ×

**"જેને માતાજીનો સાક્ષાત્કાર થયો છે એવા ગુરુદેવ કડવીમાં કડવી વાત પણ આપણાથી છુપાવે નહિ ને આપણાથી એવું ક્રૉસ ચેકિંગ ન થાય."...**



Scanned by CamScanner

ગુરુદેવે પેલા યુવાન તરફ પોતાની વિગતો રજૂ કરવા સમ્મતિસૂચક ઈશારો કર્યો.

એકવડા બાંધાના, અણિયાળા નાકવાળા, ગોરા ને હસમુખા લાગતા એ યુવાનના હૈયાનો આનંદ તેની આંખો અને હોઠોમાં છલકાઈ રહ્યો હતો. તે ખૂબ પ્રસન્ન ને ખુશખુશાલ જણાતો હતો.

ગુરુદેવના સમ્મતિસૂચક ઈશારાથી કંઈક સંકોચતા, ક્ષોભ પામતા, અચકાતા એ યુવાને વાતની શરૂઆત કરતાં કહ્યું :

ગુરુદેવના જ એક ભક્ત દ્વારા મારા પિતાને ગુરુદેવની મુલાકાત થઈ હતી. મારા પિતા અવારનવાર ગુરુદેવ પાસે આવતા. તેમની સાથે હું પણ આવતો. મારી ઉંમર તે વખતે સાતેક વર્ષની હતી. અમે પારસી છીએ પણ ગાયત્રી મંત્રની માળા કરીએ છીએ. તે વખતે મારા પપ્પા સાથે હું ગુરુદેવ પાસે આવતો તેથી હું પણ ગાયત્રી મંત્ર કરતો હતો. પછી એકાદ-બે માળા કરી લેતો. કોઈ વાર ન પણ કરતો. આમ દિવસો પસાર થતા હતા.

મારો એક મિત્ર દસમા ધોરણથી મારી સાથે છે. અમે સાથે જ એક સ્કૂલમાં ભણ્યા અને પછી નોકરી પણ એક જ સ્કૂલમાં ટિચર તરીકે કરી. અમે ૧૯૮૮માં બી. કૉમ. થયા. નવેમ્બર – '૮૮ માં સ્કૂલમાં ટિચર તરીકે નોકરી લીધી.

એક-દોઢ વર્ષ પછી બૉમ્બે મર્કેન્ટાઈલ બૅન્કની પરીક્ષાની અરજી માંગવામાં આવી. અમે બન્નેએ અરજી આપી. ગુરુદેવના આશીર્વાદથી પાસ થયા. પછી ઈન્ટરવ્યૂ આવ્યો. અમને ખબર પડી કે અમે બન્ને ભાઈબંધો પસંદગી પામ્યા છીએ.

એકાદ મહિના પછી મારા ભાઈબન્ધનો નિમણૂક પત્ર આવ્યો. પણ મારો નિમણૂકપત્ર ન આવ્યો. પહેલાં તો મને થયું કે બે-ત્રણ દિવસમાં આવશે.

દરમિયાનમાં હું જ્યાં નોકરી કરતો હતો તે શાળાના ઓર્ગેનાઈઝરને ખબર પડી કે, મેં પણ બૅન્કની પરીક્ષા આપી છે. તેથી તેમણે મને બોલાવી પૂછ્યું, 'તેં પણ બૅન્કની પરીક્ષા આપી છે ને તું પણ તારા પેલા મિત્રની જેમ પસંદગી પામ્યો છે. તારો એપોઈન્ટમેન્ટ લેટર આવશે તો તું જશે?'

મેં કહ્યું : 'એ અંગે હજી મેં કંઈ નક્કી નથી કર્યું.'

તેમણે કહ્યું : 'નક્કી કરીને હમણાં જ કહે. તું ન જવાનો હોય તો લખાણ આપ.'

મેં કહ્યું : 'હું લખાણ તો નહિ આપું.'

પણ પછી તરત જ મેં મનોમન નક્કી કરી લીધું અને કહી દીધું કે મારો એપોઈન્ટમેન્ટ લેટર આવશે તો હું ચોક્કસ જઈશ.

તેમણે મને એક મહિનાની નોટિસ આપી અને કહ્યું કે એક મહિના પછી તું છૂટો. તારો નિમણૂકપત્ર આવે કે ન આવે.

એક મહિના પછી નોકરીમાંથી છૂટા કરવાની જે યુવાનને લેખિત નોટિસ આપવામાં આવે ત્યારે તેને નિરાશા અને દુઃખ થાય તે સ્વાભાવિક છે. શું આ યુવાને પણ દુઃખ ને નિરાશા અનુભવ્યાં હતાં?

ના.

કારણ?



Scanned by CamScanner

કારણ ગુરુદેવ. ગુરુદેવનું સાન્નિધ્ય, માર્ગદર્શન, પ્રેમ, હૂંફ, તેમના પ્રત્યે અપૂર્વ અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસનો સધિયારો.

નોટિસ લઈને તે યુવાન તે જ સાંજે ગુરુદેવ પાસે 'શ્રદ્ધા'ના નિવાસસ્થાને જાય છે. તેણે રજૂ કરેલી કેફિયત જ દુઃખ ને નિરાશાના બદલે ગુરુદેવના સધિયારાની ચાડી ખાય છે. તેને વિશ્વાસ હતો જ કે ગુરુદેવ યોગ્ય માર્ગદર્શન આપશે જ.

તે યુવાને કહ્યું, 'એ જ સાંજે ગુરુદેવના નિવાસસ્થાને કુટિરમાં આવ્યો. સાથે મારો મિત્ર પણ હતો. અમે બન્નેએ ગુરુદેવને વાત કરી.'

દરમિયાનમાં તેમના આશીર્વાદથી ટયુશનો લીધાં. છતાં જીવને ધરપત નહોતી વળતી. દર–બે ત્રણ દિવસે ગુરુદેવ પાસે જઈ તેમનું માથું ખાતો. ગુરુદેવ કંટાળ્યા વિના સ્મિતપૂર્વક કહેતા :

'ચોક્કસ આવશે, પણ સમય લાગશે.'

પરંતુ મારી ધીરજ ખૂટી ગઈ હતી.

વળી સાથોસાથ ગુરુદેવ મને કહેતા કે 'ટયુશન ચાલુ રાખ.' એક–બે વખત એમ પણ કહ્યું કે 'સ્કૂલમાં જઈ મળી આવ. કદાચ તેઓ રાખી પણ લે.'

પણ મારી ત્યાં જવાની ઇચ્છા નહોતી.

આથી એક દિવસ કંટાળીને મેં મારા મિત્રને કહ્યું : 'કદાચ ગુરુદેવને મારી દયા આવતી હોય ને સાચી વાત ન કહી શકતા હોય તેથી મને કહેતા હોય કે ચોક્કસ આવશે. આથી તું ગુરુદેવ પાસે જા અને પૂછી આવ. તને ગુરુદેવ સાચો જવાબ આપશે. તને ગુરુદેવ કદાચ હકીકત જણાવે એમ બને.

મારા મિત્રે ના કહી. તેણે કહ્યું કે 'મારાથી તેમને એવું પુછાય નહિ.' મેં કહ્યું, 'હું તને કાગળ લખી આપું તે તું ગુરુદેવને વંચાવ.'

મારા મિત્રે મને શાંતિથી સમજાવ્યું કે જેને માતાજીનો સાક્ષાત્કાર થયો છે એવા ગુરુદેવ કડવીમાં કડવી વાત પણ આપણાથી છુપાવે નહિ ને આપણાથી એવું ક્રોસ ચેકિંગ ન થાય...

આમ ને આમ દિવસો પસાર થતા ગયા.

એક દિવસ કૂટિરમાં ગુરુદેવનાં દર્શન કરવા ગયો ત્યારે તેમણે મને કહ્યું : 'માર્ચ પહેલાં તારું થઈ જવું જોઈએ...'

તા. ૨૭–૨–'૯૧ ની રાત્રે મુંબઈથી ફોન આવ્યો કે તારું સિલેક્શન ચોક્કસ થઈ ગયું છે. તું જઈને બેન્કના મેનેજરને મળી આવજે.

પણ મારા પર એપોઈન્ટમેન્ટ લેટર નહોતો આવ્યો. છતાં મારી ખુશીનો પાર નહોતો. દસેક દિવસ પહેલાં જ ગુરુદેવે ઉચ્ચારેલા શબ્દો 'માર્ચ પહેલાં તારું થઈ જવું જોઈએ' યાદ આવ્યા. મન ગુરુદેવને આ વાત જણાવવા એકદમ અધીરું થઈ ગયું. પણ ત્યારે ખૂબ મોડું થઈ ગયું હતું. કૂટિરનો સમય પૂરો થઈ ગયો હતો. રાત્રે નવ વાગી ગયા હતા. મારા મિત્રે કહ્યું કે અત્યારે ગુરુદેવને ડિસ્ટર્બ ન કરાય. મને પણ એ વાત સાચી લાગી.

બીજે દિવસે માતાજી, ગુરુદેવ ને અમારા ઇષ્ટદેવનું સ્મરણ કરી હું બેન્કના મેનેજરને મળવા ગયો. મનમાં ગભરાટ હતો કે ક્યાંક અપમાન થાય તો ? કારણ કે મારી પાસે નિમણૂકપત્રની સાબિતી ન



Scanned by CamScanner

હતી. પણ મેનેજરે મને સારી રીતે આવકાર્યો ને મને કહ્યું કે તારી નિમણૂક પહેલી માર્ચથી આ જ બેન્કમાં કરીશું.

તેમને મળી હું ટ્યુશને ગયો. જ્યારે સાડા બારે ઘેર પહોંચ્યો ત્યારે મારી મમ્મીએ મારા હાથમાં બેન્કનો નિમણૂકપત્ર મૂક્યો...

તે વખતની મારી સ્થિતિ વર્ણવવા મારી પાસે શબ્દો નથી ને શક્તિ પણ નથી.

એ જ દિવસે સાંજે મારો નિમણૂકપત્ર લઈ ગુરુદેવ પાસે ગયો ત્યારે તેમની ખુશીનો પણ પાર નહોતો.

મારે તો એટલું જ કહેવાનું છે કે ગુરુદેવના શબ્દો સાચા પડે જ છે એમાં મારી જેમ કોઈએ ક્રોસ ચેકિંગ કરવાની જરૂર નથી.'

આમ તે યુવાને ખૂબ જ ઉત્કટતાથી ને ઉમળકાથી નિખાલસભાવે પોતાની કેફિયત ને પોતાના મનના ભાવ રજૂ કર્યા. એ રજૂ કરતી વખતે પણ એનો આનન્દ સમાતો નહોતો.

સ્થિતપ્રજ્ઞ ગુરુદેવ પેલા અગોચરની મસ્તીમાં ઝૂલી રહ્યા હતા.

પશ્ચિમાકાશમાં સૂર્ય ડૂબી ગયો હતો. અંધારું અવનિ પર ઊતરી આવ્યું હતું. કુટિરની બત્તીઓ ઝળહળી ઊઠી હતી.

□

Scanned by CamScanner

# વિષ્ણુકાકાનો બચાવ

પોતાના ઇષ્ટની શરણાગતિ સ્વીકાર્યા પછી, તેની ઉપાસના આદર્યા પછી, તેને સમ્પૂર્ણ સમર્પિત થયા પછી પણ તેમાં સ્થિર રહેવું સામાન્ય મનુષ્ય-ઉપાસક માટે ખૂબ દુષ્કર બની રહે છે. કોઈક જ્યોતિષી કે કોઈક કહેવાતી આધ્યાત્મિક બાબતો પરત્વે અગર કોઈક કુતૂહલવશ મનુષ્ય સ્વાભાવિકપણે જ ખેંચાય છે અને તે તરફ લપસી પડે છે. કોઈક એક ક્ષણે મનુષ્યના મનની નબળાઈ તેના પર સવાર થઈને તેને નિર્બળ બનાવીને વિનાશને આરે લાવીને મૂકી દે છે.

આ સ્થિતિ ઉચિત તો નથી જ પણ તેની સંભવિતતા ને શક્યતાને પણ નકારી શકાતી નથી. માણસમાં કુતૂહલ ને વિસ્મય આદિમ ભાવો તરીકે પડેલા જ હોય છે. બાહ્ય જગતની તમામ પળોજણોથી વિરક્ત-અનાસક્ત બનીને એક માત્ર અગોચર એવા ઇષ્ટને સમર્પિત થઈને તેમાં જ સ્થિર રહેવું કદાચ કોઈક સન્ત માટે કે કોઈ વિરલ વ્યક્તિ માટે જ શક્ય બની શકે છે. અન્યથા સમ્પૂર્ણ ઉપાસનાપરાયણ વ્યક્તિ પણ ક્યારેક ક્યારેક કુતૂહલ ને વિસ્મયને વશ થઈ જાય છે. અસ્તિત્વના સ્વાભાવિક આવેગો-આવેશોને ખાળી શકતો નથી ને વિનાશને નોતરી બેસે છે.

પણ, ધર્મનું અલ્પાચરણ પણ મનુષ્યને બહુ મોટા ભયમાંથી બચાવી લે છે એ ગીતાના વચન અનુસાર પોતાની ઉપાસનાપરાયણતાથી, શરણાગતિથી. સમર્પણથી, સેવાથી પોતાના ઇષ્ટની અને ગુરુની જે કૃપા સંપાદન કરી છે તેનાથી વિનાશને આરે આવી ઊભેલા મનુષ્યનો આબાદ બચાવ થઈ જાય છે.

**ગીતામાં ભગવાને કહ્યું છે: ન મે ભક્ત: પ્રણશ્યતિ ।**

પદાર્થ, પાત્ર ને પરિસ્થિતિની પેલે પારના રહસ્યનો પરિચય મેળવી શકતા સન્તની-ગુરુની આત્મિક શક્તિ મનુષ્યની વહારે આવે છે. આવી કોઈક બાબત જ્યારે ગુરુના ધ્યાનમાં આવે છે અને પોતાના સ્વાભાવિક કુતૂહલથી વિનાશને આરે આવી ઊભેલા પોતાના શિષ્યના બચાવ માટે સન્તો-ગુરુ પોતાની આત્મિક શક્તિને કામે લગાડે છે.

ઉપાસના કરનાર વ્યક્તિ જીવનના માર્ગમાં ગમે ત્યારે ગમે ત્યાં અટવાઈ પડે છે પણ ઈશ્વરીય શક્તિ તેને સાચો માર્ગ દેખાડયા વિના રહેતી નથી. વિનાશની ગર્તાને છેક છેવાડે જઈ પહોંચેલા માનવીને ઈશ્વર ગમે તે રીતે બચાવી જ લે છે.

પરદેશમાં વસતું એ આખું ય ભારતીય વૈષ્ણવ કુટુંબ છેલ્લાં કેટલાંક વર્ષોથી શાસ્ત્રીજી પાસે નિયમિત આવે છે. વૈષ્ણવ હોવા છતાં ગાયત્રી-ઉપાસનાને શાસ્ત્રીજીના માર્ગદર્શન-આદેશ પ્રમાણે આખા ય કુટુંબે પોતાના નિત્ય કર્મમાં વણી લીધી છે. શાસ્ત્રીજી એ આખાય કુટુંબના રાહબર બની ચૂક્યા છે.

અચાનક વાવાઝોડું આવ્યું ને સમગ્ર કુટુમ્બ વેરવિખેર-વિચ્છિન્ન અને નામશેષ થઈ જશે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ. પણ અણીના પળે શાસ્ત્રીજી પહોંચી ગયા અને આખા કુટુંબને ઊગારી લીધું.

કુટુમ્બના વડીલ મુ. શ્રી વિષ્ણુકાકા ગુરુદેવનાં ચરણોમાં માથું મૂકી ડૂસકે ડૂસકે રડી પડયા તેમણે કહ્યું: 'ગુરુદેવ! આપે મને અને મારા કુટુમ્બને વિનાશમાંથી બચાવી લીધું છે.'

'માતાજીની કૃપા' ગુરુદેવે આછા સ્મિત સહ પ્રત્યુત્તર વાળ્યો.

બન્યુ એવું કે પરદેશમાં વસતા આ કુટુમ્બના વડીલ મુ. શ્રી વિષ્ણુકાકા પોતાનાં સામાજિક કામો માટે કુટુમ્બ સહિત ભારત આવ્યા હતા.



Scanned by CamScanner

તેમના એક સંબંધી દ્વારા તેઓ એક જ્યોતિષીના પરિચયમાં આવ્યા. તેમણે જ્યોતિષી સાથે સહજભાવે જ વાત કરી. જ્યોતિષીએ ગ્રહોની આડીઅવળી ગતિવિધિ સમજાવી પોતાની વાતમાં લઈ લીધાં. વિષ્ણુકાકા કંઈક કુતૂહલ ને વિસ્મયવશ અવશપણે જ જ્યોતિષીની વાતમાં ને પ્રલોભનમાં તણાતા ગયા. તેમને પોતાને પણ કોઈ ખ્યાલ ન રહ્યો. પણ જમાનાનો ખાધેલ પેલો જ્યોતિષ વિષ્ણુકાકાની નબળાઈ પારખી ગયો. વળી તેઓ પરદેશી હોવાથી વધુ પૈસા મળશે તેવી કોઈક ગણતરીથી જ્યોતિષીએ તેને કોઈક ગ્રહની નંગવાળી વીંટી બનાવી આપી ને પહેરવા જણાવ્યું. એટલું જ નહિ, તેના સતત સંપર્કમાં રહેવા પણ પેલા જ્યોતિષીએ જણાવ્યું.

આ બધાનો વિષ્ણુકાકાને કોઈ જ ખ્યાલ ન રહ્યો.

આવી તાંત્રિક કહેવાતી વીંટીના આવરણના પ્રભાવથી તેઓ ગુરુદેવથી અળગા રહેવા લાગ્યા. ગુરુદેવના આદેશ પ્રમાણેની ગાયત્રી–ઉપાસનાથી વંચિત રહેવા લાગ્યા. માળામાં પણ તેમનું ચિત્ત ચોંટતુ નહિ.

પાંચ છ મહિના ભારતમાં રહ્યા પછી પોતાનાં સામાજિક કાર્યો ઉકેલીને પૂ. ગુરુદેવને મળીને તેઓ પરદેશ પાછા ગયા.

ઘેર ગયા પછી તેમના સમસ્ત વ્યક્તિત્વમાં નોંધપાત્ર બને તેવું વિષમ પરિવર્તન આવ્યું, જેની ઘરમાં સૌએ નોંધ લીધી. તેઓ ઘરનાં તમામ સભ્યોથી અતડા રહેવા લાગ્યા. વાતવાતમાં ચિડાઈ જતા. તેમનું વર્તન ન સમજાય તેવું બની ગયું. સંપીલા કુટુમ્બમાં કલેશનું વાતાવરણ ધીમે ધીમે જામવા માંડયું. ઘરનાં સૌ સભ્યોને લાગ્યું કે પહેલાંના વિષ્ણુકાકા નથી રહ્યા.-તેમનામાં કંઈક ન સમજાય તેવું પરિવર્તન આવ્યું છે. તેમનો ખોરાક પણ વધી ગયો. તેમના ચહેરા પર એક પ્રકારની કાલિમા છવાઈ ગઈ.

ઘરનાં સૌ સભ્યોએ વિષ્ણુકાકામાં આવેલા આ પરિવર્તનની નોંધ તો લીધી જ હતી પણ તેમના સૌથી નાના દીકરાએ એક વિશેષ નોંધ લીધી. એક દિવસ બધા સાથે બેઠા હતા. વાતાવરણ કલેશમય હતું. નાના દીકરાની નજર અચાનક પપ્પાની આંગળીમાં પહેરેલી વીંટી પર પડી. વીંટી જોતાં જ નાના દીકરાના મનમાં એક સાથે અનેક વાતો ઘુમરાવા લાગી. તેને લાગ્યું કે આ વીંટીને કારણે જ કદાચ પપ્પાજીનું વર્તન બદલાયું હોય એમ બની શકે. પણ પહેલેથી જ આજ્ઞાંકિત ને વિનયી દીકરો બાપને આવું પૂછે શી રીતે? આવું કહેવાય ખરું? અને કહે તો માને ખરા? એક સાથે દીકરાના મનમાં અનેક પ્રશ્નો ઘોળાવા લાગ્યા. તે મનોમન ખૂબ મુંઝાવા લાગ્યો.

દરમ્યાનમાં બન્યું એવું કે, દર વર્ષે સામાન્ય રીતે ઑગસ્ટમાં લન્ડન જતા ગુરુદેવ સંજોગવશાત્ એક મહિનો વહેલા એટલે કે જુલાઈ માસમાં લન્ડન ગયા.

ગુરુદેવના લન્ડનના આગમનના સમાચાર મળતાં એ આખું ય કુટુમ્બ શાસ્ત્રીજીની મુલાકાતે આવ્યું. વિષ્ણુકાકામાં આવેલા સમગ્ર પરિવર્તનની વાત કરી અને ઘરનાં સૌ સભ્યો ડૂસકે ડૂસકે રડી પડયા. સૌએ ગુરુદેવને કાકલૂદીભરી વિનંતી કરી બચાવી લેવા જણાવ્યું. સાથે સાથે નાના દીકરાએ પિતાની આંગળી પરની વીંટી અંગે પણ ધ્યાન દોર્યું અને એ વીંટીને કારણે જ કદાચ તેમનામાં આવું વિપરીત અને વિષમ પરિવર્તન આવ્યાની પોતાની દહેશત પણ ગુરુદેવ સમક્ષ વ્યક્ત કરી.

ગુરુદેવે તત્કાળ તો સૌને પ્રેમથી અને સહાનુભૂતિથી સાંત્વન આપ્યું.

લન્ડનના કાર્યક્રમ વેળાએ ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરાયું હતું તેમાં વિષ્ણુકાકાને પણ ભાગ લેવા ગુરુદેવે તેમના નાના દીકરા મારફત જણાવ્યું. ગુરુદેવના જણાવવા પ્રમાણે દીકરાઓએ લન્ડનથી ફોન દ્વારા ગુરુદેવનો સંદેશો પિતાને પહોંચાડયો. છોકરાઓએ ફોન કરવા રીસીવર ઉપાડયું તો ડાયલ



Scanned by CamScanner

ફોન આવવાને બદલે ફોનના રીસીવરમાંથી ઊંડા નિસાસાના અવાજો સંભળાવા લાગ્યા. છોકરાઓને એનો કોઈ ખ્યાલ ન આવ્યો. તેમને લાગ્યું કે ફોન બગડી ગયો છે તેથી તે દિવસે ફોન ન થયો.

બીજે દિવસે વહેલી સવારે ફરીથી ફોન જોડયો. ગુરુદેવનો મેસેજ પહોંચાડયો. ગુરુદેવના આદેશ પ્રમાણે વિષ્ણુકાકા લન્ડન આવી પહોંચ્યા અને યજ્ઞમાં ભાગ લીધો.

યજ્ઞની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન વિષ્ણુકાકાના વ્યક્તિત્વમાં અતડાપણું, ક્ષોભ ને નિસ્તેજતાની ગુરુદેવે પણ નોંધ લીધી. તેમની આંગળી પરની વીંટી પ્રત્યે પણ ગુરુદેવનું ધ્યાન દોરાયું. વીંટી અંગે ગુરુદેવને જણાયું કે આ વીંટી પર કોઈક તાંત્રિક પ્રયોગ કરાયો છે, જે વિષ્ણુકાકા ને તેમના સમગ્ર કુટુમ્બ માટે હાનિકારક છે.

યજ્ઞ પૂરો થયા પછી યોજાયેલી વ્યક્તિગત મુલાકાત વેળાએ પૂ. ગુરુદેવે વિષ્ણુકાકાને તેમની પાસે બોલાવ્યા, પાસે બેસાડી આડીઅવળી વાત કરી તબિયત વિશે પૃચ્છા કરી. વાતમાં ને વાતમાં વીંટી અંગે પણ પૂછ્યું ને તે જોવા માંગી. ગુરુદેવે વીંટી જોવા માંગી એટલે વિષ્ણુકાકાએ આંગળી પરથી તે ઊતારી આપી.

વીંટી હાથમાં લઈ ગુરુદેવે પૂછ્યું : 'આ વીંટી મારી પાસે રાખું ?'

'રાખો. મને કશો વાંધો નથી' વિષ્ણુકાકાએ કહ્યું.

અને અચરજ થઈ ગયું.

વીંટી વિષ્ણુકાકાની આંગળી પરથી ઊતરીને ગુરુદેવ પાસે જતાં જ વિષ્ણુકાકાનો ચહેરો બદલાઈ ગયો. ચહેરાની કાલિમા દૂર થઈને તેજ વર્તાવા લાગ્યું. ક્ષોભ પણ દૂર થવા લાગ્યો. તેમના કુટુમ્બના હાજર સભ્યોએ પણ તેની નોંધ લીધી.

ત્યારબાદ ધીમે ધીમે તેમનું સમગ્ર વ્યક્તિત્વ પૂર્વવત્ બની ગયું.

બીજે–ત્રીજે દિવસે ગુરુદેવ સ્નાન કરવા બેઠા ત્યારે બાથરૂમની બહાર તરફની બારીમાંથી તેમને અવાજ સંભળાયો :

'તમે ચાલ્યા જાવ. હું તમને ખુશ કરીશ.'

'તમને જે જોઈએ તે આપીશ ?'

'તમે મારા લાખ રૂપિયા ગુમાવ્યા.'

ગુરુદેવે મનોમન આંતરશક્તિથી જવાબ આપ્યો :

'હું તો માતાજીના આદેશથી અહીં આવ્યો છું, હું શા માટે જાઉં ? મને તો માતાજીએ ખુશ કરેલો જ છે.'

ત્યાર બાદ આ વીંટી ગુરુદેવે ઘરનાં તમામ સભ્યોની સમ્મતિથી જળાશયમાં પધરાવી દીધી.

વીંટી ચાલી જતાં કુટુમ્બમાં પણ પૂર્વવત્ શાંતિ ને સંપનું વાતાવરણ જામ્યું.

ઘરનાં તમામ સભ્યો ગુરુદેવને વન્દી રહ્યા ને કુટુમ્બને બચાવી લેવા બદલ આભાર માનવા લાગ્યાં. આભારવશતાની લાગણી સૌ સભ્યોની આંખમાંથી નીતરતી હતી.

ગુરુદેવે સૌને હળવા બનાવી દીધા.

□



Scanned by CamScanner

# જીવનમાં તણાવ શા માટે?

ડો. કાન્તિલાલ કાલાણી

પૃથ્વી પરનાં પ્રાણીઓમાં મનુષ્ય સૌથી વધુ તાણ અનુભવે છે. જેને વિશેષ બુદ્ધિ મળી છે તે પ્રમાણમાં વધુ તાણ અનુભવે છે. બુદ્ધિ ભેદ કરાવનારી છે. તેને ગુણ અને દોષ તેમ જ લાભ અને હાનિ બંને દેખાય છે.

બુદ્ધિમાં વિરોધી ભાવોની હાજરી હોવાથી તણાવ રહે છે. વિદ્યાર્થી અવસ્થામાં અમે રસ્સાખેંચની રમત રમતાં. તેમાં બે પક્ષ હોય. દોરડાના મધ્ય ભાગથી અમુક અંતરે બે પક્ષ સામ-સામી દોરડું પકડીને ઊભા રહે. વ્હિસલ વાગે એટલે દોરડું તાણવાની શરૂઆત થઈ જાય. તેમાં અમુક હદ સુધી સામા પક્ષને ખેંચી જાય તે જીતે. દરેક પક્ષના વિદ્યાર્થીઓ પૂરેપૂરી તાકાત અજમાવે. ઘડીકમાં બંને પક્ષના એક બાજુ ખેંચાઈ જાય, ઘડીકમાં બીજી બાજુ. છેવટે જે તાકાતવાળો પક્ષ હોય તે જીતી જાય. તે વખતે ખૂબ તણાવ જોવા મળે. માણસનો એક હાથ પકડી કોઈ એક બાજુ ખેંચી જાય તેમાં ખાસ તણાવ ન વર્તાય, પણ તેનો ડાબો હાથ એક માણસ ખેંચતો હોય અને જમણો હાથ બીજો માણસ ખેંચતો હોય ત્યારે તે માણસ ભારે ત્રાસ અનુભવતો હોય છે.

મનુષ્યનું મન કોઈ એક દિશામાં કામ કરી રહ્યું હોય તો તેનામાં તણાવ પેદા નહિ થાય. પણ મન બે વિપરીત દિશામાં એક સાથે કામ કરતું હોય ત્યારે મનુષ્ય ઘણી તાણનો અનુભવ કરે છે. આવું કેમ થાય છે? કારણ કે મોટા ભાગના મનુષ્યો અર્ધદગ્ધ હોય છે. તે પૂરા અજ્ઞાની હોય તો તાણ અનુભવવાનો પ્રશ્ન ઊભો થતો નથી. અજ્ઞાનીને કશાના ઓરતા જ હોતા નથી જે સમજતો નથી તેને ચિંતા જ નથી. જ્યાં સુધી માણસને કોઈ માઠી ઘટનાના સમાચાર મળતા નથી. ત્યાં સુધી એ સ્વસ્થ હોય છે, પણ જેવા સમાચાર મળ્યા કે અસ્વસ્થ થઈ જાય છે. એટલે માહિતી ઉપદ્રવ પેદા કરે છે, ચિંતા પેદા કરે છે. માહિતી કે સમાચારને માટે જ્ઞાન શબ્દ ન પ્રયોજવો જોઈએ. જ્ઞાન એટલે ઓળખવું અને જેને ઓળખી લીધું હોય તેનો ઉપયોગ કરતાં આવડવું. આધ્યાત્મિક પરિભાષામાં જ્ઞાન એટલે પોતે આત્મા છે તે ન ભૂલવું. એ રીતે જ્ઞાનમાં ઓળખવું, જાણવું અને અનુભવવું એ ત્રણેય બાબતો આવી જાય છે. આવું પૂર્ણ જ્ઞાન બહુ જ ઓછા માણસોમાં હોય છે. આવા જ્ઞાનીઓ અને તદ્દન અજ્ઞાનીઓ તણાવનો અનુભવ કરતા નથી. પણ જે લોકો અધકચરા જ્ઞાનવાળા છે તેની હાલત ધોબીના ગધેડા જેવી હોય છે. ધોબીનો ગધેડો નથી ઘરનો રહેતો કે નથી ધોબીઘાટનો રહેતો. એ ગધેડો પરેશાન થઈ જાય છે. દ્વંદ્વમાં, જે દ્વિધામાં રહે છે તે નથી આ બાજુનું સિદ્ધ કરી શકતા, નથી સામી બાજુનું મેળવી શકતા. કબીર કહે છે: દુબિધા મેં દોઉ ગએ, માયા મિલી ન રામ.'



Scanned by CamScanner

જે મનુષ્યો સંસારનો સારી રીતે ભોગવટો કરવા માગે છે અને સાથે સાથે ભગવત્ તત્ત્વની અનુભૂતિ કરવા માગે છે, તે નથી સંસારને સરખી રીતે ભોગવી શકતા કે નથી અધ્યાત્મ માર્ગમાં પ્રગતિ કરી શકતા. તો શું તત્ત્વની અનુભૂતિ માટે સંસારનો ત્યાગ કરી દેવો? પ્રભુપ્રાપ્તિમાં સંસાર બાધારૂપ છે? ના. સમજણના વિભાગમાં ગમો-અણગમો કે અનુકૂળ કે પ્રતિકૂળ એવા બે જડબેસલાક ખાનાં હોતાં નથી. જેણે તણાવમાંથી મુક્ત થવું હશે તેણે દ્વન્દ્વની દોરડા ખેંચમાંથી બહાર નીકળવું પડશે. તેણે સંસારમાં ભગવાનને અને ભગવાનને સંસારમાં સર્વાધાર તરીકે જોવા પડશે.

સંસાર કે જગત સાધનરૂપે છે, જેમ મનુષ્યને શરીર પણ સાધનરૂપે મળ્યું છે. સંસારનો, જગતનો કે શરીરનો ઉપયોગ માટે જ ઉપયોગ કરવામાં આવે તો એ અધ્યાત્મમાર્ગમાં બાધારૂપ બને, પણ આ સાધનોનો ખપ પૂરતો માત્ર ઉપયોગ કરવામાં આવે તો તે અધ્યાત્મમાર્ગમાં સહાયરૂપ બને છે. સાધન પોતે લાભકર્તા કે હાનિકર્તા નથી. સાધન તેના વાપરનાર પાસે જડ હોય છે. પરાધીન હોય છે. સાધનનો ઉપયોગ કરનાર પર બધો આધાર છે. એટલે કોઈપણ સાધન તણાવ ઉત્પન્ન ન કરી શકે. જો સાધનનો દુરુપયોગ થાય તો તે દુઃખરૂપ બને અને સદુપયોગ થાય તો સુખરૂપ બને.

મનુષ્ય સમજીને-વિચારીને સાધનનો ઉપયોગ કરે તો ઝેર પણ ઔષધનું કામ કરે છે. પણ સાધન સર્વોચ્ચ બની મનુષ્યનો ઉપયોગ કરવા માંડે છે. સાધનને કારણે મનુષ્ય હેરાન બની જાય છે, ત્યારે તે પોતામાં અને અન્યમાં જબરો તણાવ નિર્માણ કરે છે. મનુષ્યે સાધનનો કે પરિસ્થિતિનો દોષ કાઢતાં પહેલાં તેનો દુરુપયોગ કરનાર પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એક જાણીતું દૃષ્ટાંત છે કે એક રાજા અને તેનો મંત્રી મૃગયા ખેલવા ગયા. સાથે રાજાએ પાળેલો વાંદરો પણ લીધેલો. મૃગયા ખેલ્યા પછી રાજા ખૂબ થાકી ગયો એટલે એક વૃક્ષ નીચે આરામ કરવા આડો પડયો. મંત્રી અને વાંદરો પાસે બેસી રાજાનું ધ્યાન રાખતા હતા. એમાં બે-ચાર માખીઓ આવી અને રાજાના અંગ પર બેસતી હતી. રાજાની ઊંઘ ઊડી ન જાય એટલે મંત્રી માખીઓને ઊડાડી મૂકતો. થોડોક સમય વીત્યા પછી મંત્રીએ વાનરને માખી ઉડાડવાનું કામ સોંપ્યું અને પોતે કુદરતી હાજતે ગયો. દરમ્યાન એક માખી વારંવાર રાજાના નાક પર આવીને બેસવા લાગી. વાનર ઊડાડી મૂકે તો ય પાછી આવીને બેસે. આથી વાનરને રોષ ચડયો. તેણે બાજુમાં પડેલી તલવાર ઊઠાવી અને માખી પર પ્રહાર કર્યો. તેમાં માખી ઊડી ગઈ અને રાજાનું નાક કપાઈ ગયું. રાજા તરત બેઠો થઈ ગયો. મંત્રી પણ પાછો આવી ગયો. બંનેને થયું કે તલવાર ખુલ્લી રાખવી જોઈતી નહોતી. વાનરને તલવારના ઘાના પરિણામની ખબર નહોતી. તે તો રાજાની ઊંઘ ન બગડે તે માટે માખીને ઊડાડવાની મહેનત કરતો હતો.

---

"મનુષ્યને જે કાંઈ મળ્યું છે તેનો તે ઉત્તમ ઉપયોગ નથી કરી શકતો અને જે નથી મળ્યું તેનો તે વસવસો કર્યા કરે છે. પરિણામે તે અનુકૂળ અને પ્રતિકૂળ એમ બન્ને પરિસ્થિતિમાં તણાવ અનુભવે છે. કારણ કે અનુકૂળતાને તે પૂર્ણપણે માણી શકતો નથી અને પ્રતિકૂળતાના વિચારમાંથી મુક્ત થઈ શકતો નથી. પછી તે શાંતિ, આનન્દ, સંતોષ, સ્થિરતા ઇત્યાદિથી વંચિત ન રહે તો બીજું શું થાય?"



Scanned by CamScanner

વાનરને સાધનનો ઉપયોગ કરતાં ન આવડે તે સમજી શકાય તેવું છે, કારણ કે તેણે તલવાર જેવા સાધનનો ઉપયોગ નથી કર્યો હોતો. પણ મનુષ્ય મનનો, બુદ્ધિનો, ચિત્તનો, અહંનો, આંખનો, જીભનો એમ વિવિધ અંગોનો વર્ષો સુધી ઉપયોગ કરતો હોય છે અને તેનાં સારાં-માઠાં પરિણામો પણ તે ભોગવતો હોય છે. જીભ દ્વારા કડવી વાણી નીકળે કે ક્રોધ પ્રગટ થાય ત્યારે સામી વ્યક્તિ પર તેની કેવી અસર પડતી હોય છે તેની કોને ખબર નથી? છતાં તે કઠોર વાણી ઉચ્ચાર્યા વિના રહી શકતો નથી! આમ તે પોતે જ સાધનને વશ થઈ તણાવ કે તાણ નિર્માણ કર્યા કરે છે અને અંદરથી ધીમેધીમે તૂટતો જાય છે.

મનુષ્યને જે કાંઈ મળ્યું છે તેનો તે ઉત્તમ ઉપયોગ નથી કરી શકતો અને જે નથી મળ્યું તેનો તે વસવસો કર્યા કરે છે. પરિણામે તે અનુકૂળ અને પ્રતિકૂળ એમ બંને પરિસ્થિતિમાં તણાવ અનુભવે છે. કારણકે અનુકૂળતાને તે પૂર્ણપણે માણી શકતો નથી અને પ્રતિકૂળતાના વિચારમાંથી મુક્ત થઈ શકતો નથી. પછી તે શાંતિ, આનંદ, સંતોષ, સ્થિરતા ઇત્યાદિથી વંચિત ન રહે તો બીજું શું થાય!

મનની આવી તંગ સ્થિતિ હોય ત્યારે જીવનની ગતિવિધિ જ યથાવત્ ન સમજાય, તો જીવન જેને આધારે છે એવા પરમાત્મા વિશે ભક્તિભાવ કઈ રીતે જાગે? તેનામાં કશાક પ્રત્યે નિષ્ઠા શી રીતે પ્રગટે? તે દસ-દસ કે પંદર-પંદર ફૂટના ખાડા ખોદ્યા કરે અને જળની સરવાણીઓ ફૂટી નીકળે એ કેવી રીતે શક્ય બને? છતાં મનુષ્ય અર્થહીન પ્રવૃત્તિ કરી ફળની આશા રાખે છે અને ઇષ્ટ ફળ હાથમાં ન આવતાં તણાવમાં સપડાઈ જાય છે.

આ તણાવ મનુષ્યને કશાયમાં એકાગ્ર થવા દેતો નથી. તેને પૂર્ણતા પ્રાપ્ત કરવી છે અને તે સર્વત્ર ભેદ નિર્માણ કરતો જાય છે. આ સમગ્ર અસ્તિત્વ એકબીજા સાથે સંકળાયેલું છે.

શરીરનાં અવયવો શરીરથી જુદાં નથી, તેમ મનુષ્ય પણ સમગ્ર અસ્તિત્વથી અલગ નથી. પણ તેનો અહંકાર એટલો પ્રબળ છે કે તેને પોતાની વ્યક્તિમત્તા સ્થાપ્યા વિના ચેન પડતું નથી! પરિણામે તે અન્યથી જુદો પડી જાય છે. આમ જુદા પડી જવું એટલે નષ્ટ થઈ જવું તે તેને સમજાતું નથી. ડાળી વૃક્ષ સાથે જોડાયેલી હોય ત્યાં સુધી તે લીલીછમ રહે છે, પણ કપાઈને વૃક્ષથી છૂટી પડે છે એટલે તેનાં પર્ણો, ફૂલ કે ફળ ચીમળાઈને ખતમ થઈ જાય છે. ડાળ એમ માને કે તે પોતાને કારણે લીલીછમ રહે છે તો તે તેનો ભ્રમ છે. તે જેને જોઈ શકતી નથી એવાં મૂળ તેને જીવંત રાખે છે. એટલે જે કોઈ અહંકારને વશ થઈ પોતાને અલગ કરી દે છે તેને પૂર્ણતાનો કે શાંતિનો કદી અનુભવ થતો નથી.

એટલે મનુષ્યે કશાયથી ભય પામવાની કે ભાગવાની જરૂર નથી. અહીં જે કાંઈ છે તે આપણી વિરુદ્ધ નથી. પણ આપણી અધૂરપને પૂર્ણ કરવા માટે અહીં જે કાંઈ છે તે સૌનું છે અને સૌ પોતપોતાની રીતે તેનો ઉપયોગ કરે છે તો ભલે કરે એમ વિચારે તો બુદ્ધિ વિશાળ કે વ્યાપક બને અને તાણ ન અનુભવે. પણ બુદ્ધિ બધે મારાપણાનો કે પોતાપણાનો ભાવ સ્થાપ્યા વિના રહી શકતી નથી. તેને કારણે તે સંકુચિત બની જાય છે, તેને સંસાર નકામો લાગવા માંડે છે. ખરેખર આ સંસારમાં કશું જ નકામું નથી. સર્જન માત્ર કોઈ ને કોઈ રીતે ઉપયોગી છે. પણ આપણને તેની ઉપયોગિતાનો ખ્યાલ આવતો નથી એટલે તેને નકામું ગણી તેનો તિરસ્કાર કરીએ છીએ. આપણે

---

**"મનુષ્ય સમજી–વિચારીને સાધનનો ઉપયોગ કરે તો ઝેર પણ ઔષધનું કામ કરે છે.'**



Scanned by CamScanner

આપણી જાતને જ કેન્દ્રમાં રાખી છે તેને લીધે આપણે મર્યાદિત થઈ ગયા છીએ અને સ્વીકાર-અસ્વીકાર તેમ જ ગમા-અણગમા વચ્ચે રગદોળાયા કરીએ છીએ. પણ આપણને કદી વિચાર નથી આવતો કે આ શરીર ગમે ત્યારે ઢળી પડશે અને જેને માટે મનની શાંતિ ગુમાવીએ છીએ તે બધું અહીંનું અહીં રહી જશે.

કહે છે કે એક ધનવાન માણસ સંત એકનાથ પાસે ગયેલો. તેણે સંતના ચરણોમાં પ્રણામ કરી કહ્યું : "મારી પાસે પુષ્કળ સંપત્તિ છે, સુખ-સગવડો છે, પણ મારું મન બેચેન રહ્યા કરે છે, તે ક્યાંય ઠરતું નથી, તો કોઈક ઉપાય બતાવો."

એકનાથ મહારાજ થોડી ક્ષણો મૌન રહી તેની સામે જોઈ રહ્યા. પછી ગંભીર મુખમુદ્રા કરી કહ્યું : "તમારી પાસે બધું છે પણ મનની શાંતિ નથી તે સમજાય તેવું છે. સંપત્તિને અને મનની શાંતિને કોઈ સંબંધ નથી. પણ મારે તમને બીજી વાત કહેવી છે. હું તમારી મુખાકૃતિ સામે જોઉં છું તો ત્યાં મને મૃત્યુનો ઓછાયો દેખાય છે. મને લાગે છે કે તમે આ પૃથ્વી પર એકાદ અઠવાડિયું જ હશો."

એકનાથની વાત સાંભળી શેઠ પરસેવે રેબઝેબ થઈ ગયા. મુખ પર ગ્લાનિ છવાઈ ગઈ અને હતાશાથી ઘેરાઈ ગયા. તેમણે મહારાજને કહ્યું : "બસ. અઠવાડિયું જ આ પૃથ્વી પર રહેવાનું છે? તો મને અહીંથી ભાગવા દો", તેણે મહારાજને પ્રણામ કર્યા અને ત્યાંથી રવાના થઈ ગયો.

માંડ માંડ ઘરે પહોંચ્યો. તેને ખાતરી હતી કે એકનાથ મહારાજની વાત ખોટી નહીં પડે. તે અંદરથી હચમચી ઊઠ્યો. તેની દૃષ્ટિ સમક્ષ તેનું જીવન આવીને ઊભું રહ્યું. તેણે હંમેશાં પોતાના જ સુખનો વિચાર કર્યો હતો. તેની આજુબાજુમાં વસતા કેટલાક લોકો ગરીબીથી પીસાતા હતા તેનો તેણે કદી વિચાર કર્યો નહોતો. તેની જીભ કુહાડાની ધાર જેવી તીક્ષ્ણ હતી. પોતાનો સ્વાર્થ સાધવા તેણે નીતિ-અનીતિ કે ન્યાય-અન્યાયનો ખ્યાલ કર્યો નહોતો. તેની પાસે સંપત્તિ પુષ્કળ હતી પણ કોઈને નિરાંતે વાપરવા દેતો નહોતો. તેના ગમા-અણગમા પ્રબળ હતા. તેને એમ હતું કે પોતે હજી ઘણું જીવશે અને મોટા વૈભવ ખડા કરી દેશે.

ત્યાં મૃત્યુના આગમનના સમાચાર આવ્યા. તેને થયું : આટલું બધું એકઠું તો કર્યું", પણ તેને સરખી રીતે વાપરી ન શક્યો કે ન ભોગવી શક્યો. તે પુણ્ય કરવા માંડ્યો. તેણે ઘરના સૌને કહી દીધું : "હવે દિવસોનો સવાલ છે. મને રોકટોક ન કરશો. મને ખૂબ દાન કરવા દો. હવે મને આ વૈભવમાં કે કશું પ્રાપ્ત કરવામાં રસ નથી રહ્યો. મને થોડા દિવસ એકદમ શાંતિથી જીવવા દો. તમને સૌને ગમે તે રીતે તમે જીવો. પણ એક બાબત ધ્યાન રાખજો. મને માણસ તરીકે જીવતા નથી આવડ્યું. હું નર્યું સ્વાર્થી જીવન જીવ્યો છું. નથી મેં ભગવાનને યાદ કર્યા કે નથી સત્કર્મો કર્યાં. મેં સાધુ-સંતોનું સેવન કર્યું નથી કે સંત સમાગમ અથવા સત્સંગ કર્યો નથી. જીવનભર અશાંતિથી પીડાતો રહ્યો છું. તમે સમજીને જીવજો." પછી તે એક ઓરડામાં બેસી પ્રભુભજન કરવા લાગ્યો. પણ મૃત્યુ માથે તોળાતું હોય ત્યારે ચેન કેમ પડે? તે ફરી મહારાજ પાસે ગયો અને કહેવા લાગ્યો : "મહારાજ આજે સાતમો દિવસ છે. ગમે ત્યારે શ્વાસ છૂટી જશે. માટે આશીર્વાદ આપો કે મારું કલ્યાણ થાય."

મહારાજે કહ્યું : "તારામાં જે મરવા જેવું હતું તે સાત દિવસમાં મરી ગયું. હવે તને નથી રહ્યો સ્વાર્થ કે અહંકાર. તારો નવો જન્મ થયો. હવે આવી રીતે જીવીશ તો શાંતિ અનુભવીશ. માણસે મૃત્યુને સામે રાખીને જીવવું જોઈએ."



Scanned by CamScanner

જીવન પાણીનો પરપોટો છે એવી જાગ્રતિ સાથે જે મનુષ્ય અખિલાઈનો ભાગ બનીને જીવે છે, નિમિત્ત બનીને જીવે છે, સમજીને જીવે છે, તે જ જીવનને માણી શકે છે, શાંતિ, આનંદ, સંતોષ અને સ્થિરતા અનુભવી શકે છે.

* * *

# રોમ રોમમાં દીવા

દિલ્હીમાં અત્યારે 'તેજ' નામનું દૈનિક નીકળે છે કે નહિ તેની જાણ નથી. તેના તંત્રીસ્થાને શ્રી દેશબન્ધુ ગુપ્ત હતા. મહાત્મા ગાંધીના પુત્ર દેવદાસ ગાંધી, 'હિન્દુસ્તાન ટાઇમ્સ'માં કામ કરતા હતા. સ્વામી આનંદ તેમનાં વ્યાખ્યાનોમાં બંનેના જીવનમાં બની ગયેલી એક અદ્ભુત ઘટનાની વાત કરતા. શ્રી ગુપ્ત વર્તમાનપત્રોના તંત્રીઓની પરિષદના વડા હતા. આ પરિષદનો વાર્ષિક ઉત્સવ કલકત્તામાં યોજાયો હતો. શ્રી ગુપ્તને દિલ્હીથી કલકત્તા પહોંચવાનું હતું.

સમયના અભાવે શ્રી ગુપ્ત હવાઈ જહાજમાં કલકત્તા જવા રવાના થવાના હતા. તેમની સાથે મહાત્મા ગાંધીના પુત્ર શ્રી દેવદાસ ગાંધી જવા ઇચ્છતા હતા. તેઓ પણ તંત્રી પરિષદના આગેવાન હતા. તે સમયે દેવદાસ ગાંધી દિલ્હીથી નીકળતા 'હિન્દુસ્તાન ટાઈમ્સ'ના મેનેજિંગ સંપાદક હતા. પણ તેમને હવાઈ જહાજમાં જગ્યા ન મળી. લાગવગ લગાડવા ઘણો પ્રયત્ન કર્યો, ઘણી દોડધામ કરી. જે ઓળખીતા પ્રવાસીઓ હતા તેમને પણ વિનંતિ કરી જોઈ કે 'મારે આજે જ કલકત્તા પહોંચવું છે. ઘણું જરૂરી કામ છે. તમે આજને બદલે કાલે જજો. તમારી બેઠક મને આપી દો.'

દેવદાસે ખૂબ પ્રયત્ન કર્યો. પણ કોઈએ દાદ આપી નહિ. તેઓ નિરાશ થઈ ઘરે પાછા ફર્યા. તેમણે તેમનું દુઃખ એક મિત્ર પાસે વ્યક્ત કરતાં કહ્યું જુઓ તો ખરા, કેવો સમય આવ્યો છે! હું આ લોકોની કેટલી સેવા કરું છું. તેમને જ્યારે જરૂર પડે છે ત્યારે મારી પાસે દોડતા દોડતા આવે છે. આજે મારે સાધારણ કામ માટે તેમની જરૂર પડી તો કોઈએ મારી વાત સાંભળી નહિ!

હવાઈ જહાજ પાલમ વિમાની મથકેથી કલકત્તા તરફ જવા રવાના થયું. હવાઈ જહાજ કલકત્તાના ડમડમ વિમાની મથક પર ગયું તો ત્યાં ધૂળની ડમરીઓને કારણે એટલો અંધકાર છવાઈ ગયો હતો કે હવાઈ જહાજ ઊતરાણ ન કરી શક્યું. તે આકાશમાં ચક્કર કાટતું રહ્યું. ઊતરાણ–પટ્ટી દેખાતી નહોતી છતાં તેણે નીચે ઊતરવાનો પ્રયત્ન કર્યો. તે સમુદ્રને કિનારે પહોંચી ગયું. વિમાનચાલકને ખ્યાલ ન આવ્યો કે નીચે ગાઢ જંગલ છે. હવાઈ જહાજ નીચે આવ્યું અને વૃક્ષ સાથે અથડાયું પછી તો કેટલાંય વૃક્ષો સાથે ભટકાયું. વૃક્ષોને તોડયાં અને તે ભૂમિ પર પડી ગયું. તેની પેટ્રોલની ટાંકી ફાટી. થોડી વારમાં હવાઈ જહાજ બળી ગયું. તેમાં બેઠેલા યાત્રીઓ મરી ગયા. શ્રી દેશબંધુ ગુપ્ત પણ બચી ન શક્યા.

શ્રી દેવદાસ ગાંધીને આ સમાચાર મળ્યા નહોતા. તેઓ દુઃખમાંથી બહાર નીકળ્યા નહોતા. હજી તેઓ જે કોઈ મળે તેમને કહેતા કે સંસારમાં કેવો અન્યાય ચાલી રહ્યો છે. થોડો સમય વીત્યા પછી 'હિન્દુસ્તાન ટાઈમ્સ'માં સમાચાર આવ્યા કે કલકત્તા જવા ઉપડેલા હવાઈ જહાજને અકસ્માત નડયો છે. હવાઈ જહાજ બળીને ખાખ થઈ ગયું છે અને બધા યાત્રીઓ મૃત્યુ પામ્યા છે.



Scanned by CamScanner

શ્રી દેવદાસે આ સમાચાર સાંભળ્યા ત્યારે ચોંકી ઊઠ્યા. પોતે જે વિમાનમાં જવાના હતા એ જ વિમાન નાશ પામ્યું! અત્યાર સુધી તેઓ વિમાનમાં જવા ન મળ્યું તેની ફરિયાદ કરતા હતા. અકસ્માતના સમાચાર વાંચી તેઓ કહેવા લાગ્યા: 'ભગવાન, તેં જબરી કૃપા કરી. તેં જ મને બચાવી લીધો. મેં તે વિમાનમાં સ્થાન મેળવવા બધો જ પ્રયત્ન કર્યો હતો. મને જગ્યા મળી ગઈ હોત તો હું પણ મૃત્યુ પામત.'

આ ઘટનાની વાત કર્યા પછી મહાત્મા સ્વામી આનંદ કહેતા: 'ભગવાનની આંખો બહુ દૂર સુધી જોઈ શકે છે. ભગવાન શું કરવા ઇચ્છે છે તે તમે જાણતા નથી. તમે કેવળ તે જ સમયની આપત્તિને જુઓ છો. તેઓ જે જાણે છે તેને તમે જાણતા નથી. એટલે ફરિયાદો ન કરો. ભગવાનના દરબારમાં કોઈને અન્યાય નથી થતો, કોઈને દંડ નથી મળતો. ઈશ્વર જે કાંઈ કરે છે તે તમારા ભલા માટે જ કરે છે. તમે તમારો વિશ્વાસ ડગવા ન દો.'

□

Scanned by CamScanner

# સ્વપ્નમાં માતાજીનાં દર્શન

સ્વપ્નની સૃષ્ટિ કંઈક અનોખી જ હોય છે. એનો તાગ પામવા ફિલસૂફોએ એનાં અનેક વિશ્લેષણો કર્યાં છે તેમ છતાં એ સ્વપ્નસૃષ્ટિનો તાગ પામી શકાયો નથી.

એમ કહેવાય છે કે મનુષ્યના અજાગ્રત મનમાં જે પડ્યું છે, એની અતૃપ્ત ઇચ્છાઓ–વાસનાઓનો પણ સ્વપ્નમાં પ્રતિઘોષ ઊઠે છે. જો એમ હોય તો એનું સાતત્ય જળવાવું જોઈએ પણ હંમેશાં તેમ બનતું નથી.

તો વળી ક્યારેક મનુષ્યને સ્વપ્નમાં ખૂબ સચોટ સંકેતો પણ મળતા હોય છે.

ઘણીવાર સ્વપ્નમાં કોઈને દેવ–દેવીના દર્શન થાય ત્યારે કહેવાય છે કે એ તો મનુષ્યના મનની જ ભ્રાન્તિ. તે માટેનો સતત વિચાર જ કારણભૂત હોય છે પણ એમાં પણ હંમેશ એમ બનતું નથી, ક્વચિત્ જ બને છે.

ઘણાં લોકો પોતાના ઇષ્ટનું સ્મરણ કરતા હોય છે, પણ સ્વપ્નમાં તો ભાગ્યે જ દર્શન થાય છે. મનુષ્યને સ્વપ્નમાં દેવદેવીનાં દર્શન થાય ત્યારે સમસ્ત અસ્તિત્વ પર–મન પર તેનો પ્રબળ પ્રભાવ પડે છે. એનો આનન્દ કંઈક ઓર જ હોય છે. સ્વપ્નમાં દેવ–દેવીનું સ્વરૂપ ક્યારેક ઝાંખું હોય છે, તો ક્યારેક આબેહુબ–યથાતથ પણ હોય છે. અર્થાત્ સ્વપ્ન વાસ્તવિકતા હોવાની પણ અનુભૂતિ કરાવે છે પણ એ સ્વપ્ન હતું કે વાસ્તવિકતા એ તો આંખ ઉઘડયા પછી જ અનુભવી શકાય છે. એ સ્વપ્ન હોવાનું ભાન થવા છતાં સ્વપ્નમાં જોયેલ દૃશ્ય, દર્શન, તેનો સ્પર્શ, તેનો અવાજ, તે સ્વપ્નની સમગ્ર ઘટનાની વિગત સંપૂર્ણ યાદ રહેવી વગેરે બાબતો વાસ્તવિક હોવાનું જ લાગે છે, ને વળી મન પર તેની ચિરંજીવ છાપ અંકિત કરી જાય છે. એક વાર આંખ ઉઘડયા પછી પણ એ સ્વપ્નસૃષ્ટિમાં ખોવાઈ જવાનું મન થાય છે પણ તેમ થઈ શકતું નથી ને તેથી જ એ સ્વપ્નસૃષ્ટિનો તાગ પામી શકાતો નથી. એ કોઈક અનોખી જ સૃષ્ટિ હોવાનું લાગે છે.

જયંતીભાઈ વ્યવસાયે કર્મકાંડી બ્રાહ્મણ છે. આથી તેઓ યજ્ઞ–યાગાદિમાં સતત વ્યસ્ત રહે છે. અનેક દેવ–દેવીઓની સ્તુતિઓ–મંત્રો તેમ જ સમગ્ર વિધિવિધાન તેમને કંઠસ્થ હોય તે સ્વાભાવિક છે. તેઓ ખૂબ જ શ્રદ્ધા–ભક્તિભાવપૂર્વક વિધિવિધાન કરાવે છે.

શાસ્ત્રીજીના પાવન સાન્નિધ્યમાં તેમના આચાર્યપદે યોજાતા ગાયત્રી યજ્ઞોનું વાતાવરણ કંઈક અલૌકિક બની જાય તેવા બુલંદ અવાજે પ્રેમથી, શ્રદ્ધાથી, ભાવથી તેઓ સ્તુતિ મન્ત્રો ઉચ્ચારે છે; તેમ છતાં તેમને કોઈ ખાસ એવી અનુભૂતિ થતી નથી; તેમ જ સ્વપ્નમાં પણ કોઈ દેવ–દેવીનાં દર્શન થતાં નથી.

આવા જયંતીભાઈને એક દિવસ સ્વપ્નમાં માતાજીનાં દર્શન થતાં તેઓ ભાવવિભોર બની ગયા. તેમનો અનુભવ તેમના શબ્દોમાં જ જોઈએ :

---

"અજાગ્રત મનમાં જે પડ્યું છે, એનો પ્રતિઘોષ સ્વપ્નમાં પડે છે. જો એમ હોય તો એનું સાતત્ય જળવાવું જોઈએ, પણ હમેશાં તેમ બનતું નથી."

× × ×

"ભાઈ, આ શેતરંજી વાળી લો."



Scanned by CamScanner

મારા માતા-પિતા સાથે લૌકિક-વ્યાવહારિક તેમ જ યજ્ઞકર્મ અંગેની વાતો કરી રાત્રે લગભગ ૧૧ વાગ્યે હું સૂઈ ગયો. રામનવમીના દિવસે યોજાયેલા અગિયાર કુંડી ગાયત્રીયજ્ઞનો થાક વર્તાતો હતો. આથી હું ધસમસાટ ઊંઘી ગયો.

રામનવમીના બીજા દિવસે સોમવાર તા. ૨૫-૩-'૯૧ ની સવારે ૪-૧૫ કલાકે ગુરુજીની કુટિરના દર્શન થયાં. હું કુટિરનાં પગથિયાં ચડતો હતો ત્યાં પગથિયાની જમણી બાજુ લગભગ ૮૫ વર્ષની કોઈ વૃદ્ધા, કે જેમના માથાના કેશ સફેદ હતાં તેમને મેં પ્રણામ કર્યાં. હું તેમને બરાબર ઓળખી શક્યો નહિ. તેમનો ચહેરો મારા મનને સ્પર્શી ગયો. ખૂબ જ તેજસ્વી હતો. તેમણે મને આજ્ઞા કરી કે 'ભાઈ, આ શેતરંજી વાળી લો.' મારા મનમાં થયું કે આટલા બધા લોકોની મેદની છે અને તેમના ગયા પછી દરરોજના નિયમ પ્રમાણે શેતરંજીઓ વળાય છે. પછી તેમની આજ્ઞા પ્રમાણે મેં છેડા પરની એટલે પગથિયાં પાસેની શેતરંજી વાળી ને ડાબી બાજુ મૂકી દીધી.

પૂ. ગુરુદેવ આગળ ઘણી મેદની હતી. લોકો પ્રણામ કરતા હતા. વચ્ચે જવાની જગ્યા ન હોવાથી હું ગુરુજીની જમણી બાજુ એક તરફ ખૂણામાં ઊભો રહ્યો. ગુરુદેવની સામે જોતો સ્મરણ કરતો હતો. કદાચ આરતી-સ્તુતિ થઈ ગઈ હોય ને લોકો ઘેર જવા માટે ગુરુદેવને પ્રણામ કરતા હોય એમ લાગ્યું.

પરંતુ તે જ વખતે મેં પૂ. ગુરુદેવ તરફ જોયું તો પ્રથમ સિંહ પર સવારી કરી અષ્ટભુજા આયુધો સાથેના શ્વેતવર્ણવાળા હસમુખા માતાજીને જોયાં, હું બીજી ક્ષણે જોઉં છું તો પાછા ગુરુદેવ ત્યાં ને ત્યાં જ સ્થિર બેઠા હતા. તરત જ બીજી ક્ષણે બીજું રૂપ વાઘ પર આયુધો સાથે અષ્ટભુજા રક્તવર્ણવાળાં હાસ્ય કરતાં માતાજીને જોયાં. બીજી ક્ષણે પૂ. ગુરુદેવ સ્થિર બેઠા હતા. તરત જ ત્રીજી ક્ષણે આયુધોવાળાં અષ્ટભુજા કૃષ્ણવર્ણવાળાં અટ્ટહાસ્ય કરતાં માતાજીને જોતાં મેં પ્રણામ કર્યાં. મારા તરફ હાથ ઊંચા કરી આશિષ આપ્યા. હું ચરણોમાં પ્રણામ કરી આક્રંદ કરતો રહ્યો.

એટલામાં જ મારી બાએ મને જગાડી દીધો. મેં ફરી ઊંઘવાનો પ્રયત્ન કર્યો, જેથી તે સ્વરૂપ પાછું દેખાય પણ ઊંઘી પણ ન શક્યો તેમ જ તે સ્વરૂપ પણ દેખાયું નહિ.

# સેમિનારમાં ચર્ચા કરવા જેવો કેસ

જીવનમાં મુશ્કેલીઓ આવે છે ત્યારે તેનો પ્રભાવ સર્વત્ર પથરાય છે. તેના પ્રબળ પ્રભાવથી મનુષ્યને એ મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવાનું સૂઝતું નથી. તે ખૂબ અકળાય છે, મુંઝાય છે. પરંતુ તેની એ અકળામણ મૂંઝવણ જ તેને પોતાના ઇષ્ટની શરણાગતિ સ્વીકારવાનું સુઝાડે છે. મનુષ્ય અન્તરની અકળામણો જ પરમતત્ત્વના આશ્રયે જવાની પ્રેરણા આપે છે. તેનામાં પ્રબળ શ્રદ્ધા જગાડે છે અથવા જાગેલી શ્રદ્ધાને વધુ દૃઢ બનાવે છે.

મનુષ્યના અન્તરની શ્રદ્ધા જ કોઈક સન્તના આશીર્વાદમાં–માર્ગદર્શનમાં પણ વિશ્વાસ જગાડે છે ને એ વિશ્વાસથી સન્તના આશીર્વાદ અને માર્ગદર્શનના અતૂટ આચરણથી જ માનવી પોતાની જે તે મુશ્કેલીઓમાંથી મુક્ત થાય છે. તેને સહન કરવાની પણ શક્તિ મળે છે.

મનુષ્યમાં નિજી શ્રદ્ધા, શરણાગતિ અને વિશ્વાસથી તેના અસ્તિત્વમાં એક પ્રકારની શક્તિ, જોર, જુસ્સો પણ પ્રગટ થાય છે, જેનાથી તે પોતીકી મુશ્કેલીઓ સામે ઝઝૂમી શકે છે.

મનુષ્ય પોતાની કોઈ પણ મુશ્કેલીની શાસ્ત્રીજી પાસે રજૂઆત કરે છે ત્યારે તેઓ તો માતાજીની શરણાગતિ સ્વીકારવા જ કહે છે. અનેક અસાધ્ય શારીરિક દર્દો પરત્વે પણ ગુરુદેવ માતાજીની શરણાગતિ સ્વીકારવા, ગાયત્રી મંત્રજપ કરવા કહે છે. ઉપરાંત જીવનજળ અભિમંત્રિત કરી આપે છે અને અન્ય જે કોઈ સૂચનો કરે છે તેનો તેમના માર્ગદર્શન પ્રમાણે અવિરત અમલ કરવો જરૂરી બને છે, જેનાથી વ્યક્તિ પોતીકી શ્રદ્ધા અને શરણાગતિના બળે, પોતાના પ્રારબ્ધ કર્મવશાત્ અને ગુરુના–શાસ્ત્રીજીના આશીર્વાદથી પોતાના દર્દમાંથી–પોતાની મુશ્કેલીઓમાંથી મુક્ત થાય છે. એ સ્વાનુભવે જ સમજાય છે.

અત્રે રજૂ કરેલો પ્રસંગ તબીબી ઉપચારો, ઈશ્વરની શક્તિ, વ્યક્તિની નિજી શ્રદ્ધા અને સન્તના આશીર્વાદ અને માર્ગદર્શન અંગે વિચારતા કરી મૂકે છે. એ વખતે પ્રશ્ન એ પેદા થાય છે કે મહત્ત્વ કોને આપવું–તબીબી વિજ્ઞાનને કે ઈશ્વરીય શક્તિને કે સન્તના આશીર્વાદ અને માર્ગદર્શનને?

અદ્યતન તબીબી વિજ્ઞાનની બોલબાલા તો છે જ, પણ એની પણ જ્યારે મર્યાદા આવે છે ત્યારે?

આંબાવાડીનાં ઉમાબહેન દેસાઈ જણાવે છે :

૧૯૮૬થી ૧૯૮૯ સુધીનો સમય ભયંકર માનસિક તથા શારીરિક તાણમાં પસાર કર્યો, જેમાંથી શ્રી ગાયત્રી માતાજી તથા શ્રી ગુરુદેવના આશીર્વાદથી જ ઊગરી ગઈ છું.

મને પેટમાં સહેજ સહેજ દુખાવો રહેતો હતો. ખોરાક લેવાતો ન હતો. સહેજ ખાઉં તો સખત તકલીફ થાય. થોડા દિવસ રાહ જોઈ. ડૉક્ટરની સારવાર લીધી, પણ કોઈ ફરક ન પડયો. બધા ટેસ્ટ કરાવ્યા પણ તેમાં પણ કોઈ ખબર ન પડી. કંઈ જ સૂઝતું નહોતું.

આમ ને આમ છ મહિના પસાર થઈ ગયા. ડૉક્ટર–વૈદ્ય બધાને બતાવીને થાકી. દુખાવો વધતો જ જતો હતો. જીવનજળ અને માળા ચાલુ જ હતાં.

એક દિવસ સાંજે ખૂબ જ દુખાવો થયો. અમારા ફેમિલી ડૉક્ટરને બતાવ્યું તો તેમણે કહ્યું કે સમય ગુમાવ્યા વિના મોટા ડૉક્ટરને બતાવો. અંદરના ભાગમાં બ્લીડીંગ ખૂબ જ છે. '૮૬ ના ઑક્ટોબરની ૬ ઠ્ઠી તારીખે રાત્રે ૯–૩૦ વાગ્યે ડૉ. મિસ પંડયાના દવાખાનામાં દાખલ થઈ. સવારે સોનોગ્રાફી કરી તો જણાયું કે યુટ્રસના પાછળના ભાગમાં મોટી ગાંઠ છે, જે ફાટી જવાની તૈયારીમાં છે. તરત જ ડૉક્ટરે બીજાં ઑપરેશનો કેન્સલ કરી મારા ઑપરેશનની તૈયારી કરી. તે પહેલાં તેમણે કહ્યું કે, 'ગાંઠ ગૂંચવાયેલી છે. નહીં નીકળે તો ખોલેલું બંધ કરી દઈશ ?...



Scanned by CamScanner

મારી ગાયત્રી માતાજીની માળા સતત ચાલુ જ હતી, જે ઑપરેશન ટેબલ પર પણ ચાલુ જ રહી. હું સતત પ્રાર્થના કર્યા કરતી. પૂ. શાસ્ત્રીજીનું સ્મરણ કર્યા કરતી કે મને ઊગારી લે ...

— અને ઑપરેશન ખૂબ જ સારી રીતે પતી ગયું. ચાર કિલોની ગાંઠ નીકળી. તેની બાયોપ્સી કરાવી. ડેડ સેલ્સનો રીપોર્ટ આવ્યો. બીજી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવ્યો તેનો પણ એવો જ રીપોર્ટ આવ્યો.

હૉસ્પિટલમાંથી દસ દિવસ પછી રજા મળી.

પછી ડૉક્ટરના કહેવા પ્રમાણે તા. ૨૭-૧૦-'૮૬થી સિવિલ હૉસ્પિટલમાં ડૉ. પંકજ શાહની ટ્રીટમેન્ટ ચાલુ કરી. આમ સવા વર્ષ સુધી સારવાર ચાલી.

પૂ. ગુરુદેવના આદેશ મુજબ ૧ કપ ગાજરનો રસ, ૧૩ પાન તુળસીનાં અને પાલક ભાજીનો રસ ચાલુ કર્યાં. વચ્ચે વચ્ચે મારી તપાસ થયા કરતી, પણ માતાજીની કૃપાથી બધા રીપોર્ટ નૉર્મલ આવતા.

આ ઓપરેશન તાત્કાલિક કરવું પડેલું, જેથી બહારનું લોહી લેવું પડેલું. તેમાંથી કમળો લાગુ પડયો તે પણ ચેપી હતો. તેમાંથી પણ ગુરુદેવે ઊગારી લીધી.

એક સાથે અનેક તકલીફો ઊભી થતી હતી, તેની સારવાર લેતી હતી. પણ પૂ. ગુરુદેવે આશીર્વાદ આપેલા કે 'કંઈ જ નહિ થાય. બધું સારું થશે.'

સિવિલમાંથી રજા આપતાં પહેલા એક ડૉક્ટરે મારી બિમારીની તમામ હકીકતો વિગતે જણાવવા કહ્યું. તેમણે મને કહ્યું કે 'તમારો કેસ ખૂબ જ ગંભીર અને મટે નહિ તેવો હતો. અમારે આ કેસ સેમિનારમાં મૂકવો છે.'

ડૉ. મુકુલભાઈ ઓઝાના જણાવવા પ્રમાણે મને 'પેટની તકલીફ દવાથી નહિ, પણ દુઆથી જ મટી છે.' મને પૂ. ગુરુદેવ ને માતાજીમાં સમ્પૂર્ણ શ્રદ્ધા છે. સતત આટલાં વર્ષો પથારીમાં સૂઈ રહેવાથી વા થઈ ગયો, જેને માટે પણ જળ લીધું. વા હોવા છતાં પણ, શ્રી ગાયત્રી માતા અને પૂ. ગુરુદેવના આશીર્વાદથી ઘરનું બધું જ કામકાજ જાતે જ કરું છું.

શ્રદ્ધા કદી એળે જતી નથી. ◙

Scanned by CamScanner

# ઑપરેશન થિયેટરમાં

મનુષ્ય જ્યારે જ્યારે અન્તરના ઊંડાણથી ભગવાનનું સ્મરણ કરે છે ત્યારે કોઈ ને કોઈ રીતે તેને સહાય મળી જ રહે છે. તે જ રીતે ગુરુને પણ શિષ્ય જ્યારે જ્યારે અન્તરના ઊંડાણથી પોકારે છે ત્યારે પોતાની આત્મિક શક્તિના બળે ગુરુ શિષ્યને પોતાની ઝાંખી કરાવી પોતાની સન્નિધિની–સાન્નિધ્યની–સાથે હોવાની–સૂક્ષ્મ અનુભૂતિ કરાવે છે. આવી અનુભૂતિઓ સ્વાભાવિક રીતે જ નોંધપાત્ર બની રહે છે. ને વળી ભક્તની આપત્તિઓ–દર્દો દૂર થાય તે તો નફામાં.

અત્રે આવી જ સૂક્ષ્મ અનુભૂતિ વર્ણવતો પ્રસંગ રજૂ કર્યો છે :

શ્રી ગોવિંદભાઈ દરબાર જણાવે છે કે મને પિત્તાશયની કોથળીમાં પથરી હતી. ગુરુદેવ લન્ડન જનાર હતા ત્યારે મ્યા અંગે તેમની સાથે વાત થઈ હતી. તેમણે કહ્યું કે, 'મા બધું સારું કરશે.' તેમણે જીવનજળ અભિમંત્રિત કરી આપ્યું. એક કેળું અને ૧૧ કાળી દ્રાક્ષ ખાવાનો આદેશ આપ્યો. તા. ૧૦–૭–'૯૦ થી તેનો પ્રયોગ ચાલુ કરી દીધો. નિયમિત જળ લેતો.

તા. ૧૯–૭–'૯૦ ને ગુરુવારે રાત્રે સ્વપ્નમાં મને શાસ્ત્રીજીનાં દર્શન થયાં. તેમણે કહ્યું કે હું આવી ગયો છું. તા. ૨૨–૭–'૯૦ના રોજ મારી તબિયત બગડી હતી. દવાખાને દાખલ થવું પડ્યું. ડૉક્ટરે કહ્યું કે પથરીનું ઑપરેશન કરવું પડશે. માટે તે દરમિયાન શાસ્ત્રીજી પાસે જવું હતું, પણ જઈ ન શક્યો. આથી મારા મનને દુઃખ થયું કે મેં ગુરુજીને ઑપરેશનની વાત કરી નહિ. હું વિચારમાં પડી ગયો.

તા. ૨–૮–'૯૦ ના રોજ મારી તબિયત વધારે બગડી. ડૉક્ટરે કહ્યું કે તા. ૪–૮–'૯૦ ને શનિવારના રોજ તમારું ઑપરેશન કરવાનું છે તેથી સવારે સાત વાગ્યે તૈયાર થઈ જશો. સવારે પાંચ વાગ્યે ગાયત્રીની ૩ માળા કરી તૈયાર થઈ ગયો. બરાબર ૭ વાગ્યે ડૉક્ટર આવી ગયા. મને થિયેટરમાં લઈ ગયા. હું ઑપરેશન થિયેટરમાં ઑપરેશન ટેબલ પર સૂતો ત્યાં મારા માથા પાસે મા ગાયત્રી ઊભાં હતાં. તેમણે કહ્યું, 'બેટા જરા પણ ચિંતા કરીશ નહિ. હું તારી પાસે જ છું.'

એટલી વારમાં ડૉક્ટરે કહ્યું કે મોં ખોલો. તરત જ મને ભાન જતું રહ્યું. ૪ કલાક ઑપરેશન ચાલ્યું. સાંજે સાત વાગ્યે મને ભાન આવ્યું પણ જરા પણ દુખાવો થયો નહિ. એક પણ ટાંકો પાક્યો નહિ.

શાસ્ત્રીજીના આશીર્વાદથી બધું સરસ થઈ ગયું.

આમ મનુષ્યની અતૂટ શ્રદ્ધા, ઉત્કટ લગની અને પ્રેમ ઈશ્વરની–ગુરુની પ્રત્યક્ષ ઉપસ્થિતિની પરોક્ષ અનુભૂતિ કરાવી આપે છે.

□

"મા બધું સારું કરશે."

"હું આવી ગયો છું."

"બેટા, જરા પણ ચિંતા કરીશ નહિ. હું તારી પાસે જ છું."



Scanned by CamScanner

# પૂ. શ્રીના અમેરિકાના કાર્યયજ્ઞનો હેવાલ

માનવ માત્ર દેશમાં હોય કે વિદેશમાં આધિ, વ્યાધિ ઉપાધિના પ્રશ્નો, મૂંઝવણો અને તેમાંથી સર્જાતી વિષમતાઓ દરેકના જીવનમાં ઓછાવત્તા પ્રમાણમાં હોય છે જ.

સતત નવ વર્ષથી પૂ. ગુરુદેવના અમેરિકાના કાર્યયજ્ઞનું આયોજન ત્યાં વસતાં ભાઈબહેનો દ્વારા યોજવામાં આવે છે અને તેનું સંચાલન–નિયંત્રણ અત્રેથી કરવામાં આવે છે.

૨૭ દિવસ દરમ્યાન ૪૫ સ્થળોએ અંદાજે પાંચ હજાર માણસો પૂજ્યશ્રીના વ્યક્તિગત મુલાકાત, જીવનજળ, શક્તિપ્રદાન સારવાર અને ધ્યાનના કાર્યક્રમનો લાભ લીધો હતો.

સાઠ ટકા જૂના અને ચાળીસ ટકા નવા મુલાકાતીઓએ ગુરુદેવના કાર્યયજ્ઞનો લાભ લીધો હતો.

કેટલાંક કહે છે કે There is no life without Gurudev.

જૂના મુલાકાતીઓના શારીરિક, આર્થિક, સામાજિક અને માનસિક પ્રશ્નો પૂજ્યશ્રીના માર્ગદર્શનથી ઉકલી જતાં તેઓની શ્રદ્ધા અને શરણાગતિમાં વધારો થતો રહ્યો છે. તેઓના મિત્રવર્તુળમાં તેઓના જીવનપરિવર્તનની આભા વર્તાતા તેઓના દેશી-વિદેશી મિત્રો પૂજ્યશ્રીની મુલાકાત લેવા પ્રેરાય છે.

જ્ઞાતિ, જાતિ અને સમ્પ્રદાયનાં બંધનો સિવાય પણ વ્યક્તિ પૂજ્યશ્રીના કાર્યયજ્ઞનો લાભ લે છે.

અમેરિકન, નીગ્રો, સ્પેનિશ તેમજ ભારતીય ભાઈબહેનોમાં પંજાબી, મહારાષ્ટ્રિયન, સાઉથ ઇન્ડિયન, પારસી, ખ્રિસ્તી, મુસ્લિમ, વોરા, જ્યુઝ, ઈટાલિયન વગેરે પૂજ્યશ્રીની મુલાકત લે છે, મૂંઝવણોની રજૂઆત કરે છે, જીવનજળ લે છે, માર્ગદર્શન મેળવે છે અને શાંતિનો અનુભવ કરે છે.

□

Scanned by CamScanner



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner